# પરિવર્તન માટેના દિશાસૂચનો

arrow

## સ્વાસ્થ્ય વિષયક નીતિઓ અને કાર્યક્રમોમાં મહિલાઓ અને મહિલા-પુરુષ સમાનતાલક્ષી દૃષ્ટિકોણ

March, 2005


# મહિલાઓના સ્વાસ્થ્ય અધિકારો

મહિલાઓ પ્રત્યેના સાંસ્કૃતિક, ધાર્મિક અને સામાજિક પૂર્વાગ્રહો તેઓના સ્વાસ્થ્ય અધિકારોને અવરોધતાં અતિગંભીર પરિબળો છે. આ પરિબળો સ્વાસ્થ્યલક્ષી માહિતી, શિક્ષણ તથા સુવિધાઓ મેળવવામાં બાધારૂપ 6. તેમજ સરકારી અને દાતાઓના સંસાધનોની અસમાન ફાળવણીને પણ વેગ આપે છે. જેના કારણે અટકાવ અને સારવાર માટે પૂરતું વૈજ્ઞાનિક જ્ઞાન હોવા છતાં વિકાસશીલ દેશોમાં મહિલાઓ અકાળે સગર્ભાવસ્થા અને બાળજન્મ સમયે મૃત્યુ પામે 6. જેનો આંક વિશ્વમાં વર્ષે ૫,૮૦,૦૦૦ 6, તેમજ પ્રજનન સંબંધી કેન્સરથી પણ મૃત્યુ પામે 6.



Graphic Source: APDC

**અધિકારલક્ષી અભિગમ** : એવું દઢપણે માનવામાં આવે 8 4, વ્યક્તિની તંદુરસ્તી અને સ્વાસ્થ્યનો આધાર તે વ્યક્તિને આંકવામાં આવેલા મૂલ્ય અને માન પર 6. તદુપરાંત તેને પોતાના જીવનના નિર્ણયો લેવાની તક પૂરી પાડવામાં આવે 8. માનવ અધિકાર પાયાના મૂલ્યો દર્શાવે 8 જેમાં સમાજના દરેક વ્યક્તિ પ્રત્યેનો વ્યવહાર તથા અધિકારને માન આપવામાં આવે તેવા નૈતિક સિદ્ધાંતો પૂરા પાડે 8. સમાજના સશક્ત અને સમાજની વિકાસ ધારામાં પાછળ રહેલા વર્ગ વચ્ચેના ભેદભાવ નિવારણ માટેના નૈતિક પગલાં સૂચવે છે. આ અધિકાર માટે દરેક વ્યક્તિ હકદાર છે, જેમાં રાષ્ટ્રીયતા, ધર્મ, જાતિ, સ્ત્રી-પુરુષ અસમાનતાને કોઈ સ્થાન નથી.

મહિલાઓને મળવાપાત્ર મૂળભૂત અધિકારોમાં - જીવનનો અધિકાર, સ્વતંત્રતા, સુરક્ષા, કાયદાકીય સમાનતા, શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્તિ, કુટુંબ રચવાનો, કાર્યસ્થળે સલામતી, વિશ્વસનીયતા, ગોપનીયતા, તબીબી અને સ્વાસ્થ્ય સંભાળને લગતી માહિતી મેળવી સંમતિ આપવાનો તથા સ્વાસ્થ્ય સંભાળના વિકલ્પોની પસંદગી અંગેના નિર્ણયો લેવા, પ્રજનન અને જાતીય સ્વાસ્થ્ય પ્રાપ્તિ તથા વૈજ્ઞાનિક પ્રગતિનો લાભ મેળવવાના અધિકારનો સમાવેશ થાય 9. વિવિધ આંતરરાષ્ટ્રીય સભાઓ અને સંયુક્ત રાષ્ટ્રસંઘના સંમેલનો દરમિયાન મહિલા સંમેલન વિવિધ દેશોની સરકાર દ્વારા આ સ્વાસ્થ્ય અધિકારોને લોકસ્વાસ્થ્યનો પાયો હોવાની સંમતિ દર્શાવી છે.

**અધિકારોનું હનન/ભંગ** : જે દેશોએ માનવ અધિકારોના કરારો તથા મહિલા સંમેલનોની સંમતિને માન્ય રાખી છે તેમજ કૈરો તથા બૈજીંગના દસ્તાવેજો પર સહી કરીને નૈતિકતાના ધોરણે મહિલા સ્વાસ્થ્ય અને અધિકારોનું હનન નહીં થાય તેની ખાતરી આપી 8.

**હિંસા મુખ્ય ત્રણ પ્રકારે થાય છે :** ૧. દેશો દ્વારા લેવાતાં પગલામાં કુટુંબ નિયોજન અને ગર્ભપાત કરાવવા પડાતી ફરજો. (આમાં વ્યક્તિની સ્વતંત્રતા અને સલામતીના અધિકારનો ભંગ થાય છે.) ૨. માનવ અધિકારોને લગતાં મુખ્ય કરારોને જેમ 4 - માતા મૃત્યુ દરમાં ઘટાડો કરવો તથા પ્રજનન સ્વાસ્થ્ય સંબંધિત સેવાઓને (એચઆઈવી/ એઈડ્સ, એસટીડી તથા ગર્ભનિરોધક) પહોંચી વળવામાં દેશો નિષ્ફળ ગયાં 8. જે જીવવાના અધિકારનું હનન 8. 3. સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવામાં ભેદભાવપૂર્ણ વ્યવહારને પરિણામે સમાજના કેટલાંક વિશિષ્ટ જૂથો જેવાં 4 - કિશોર/કિશોરીઓ, અપરીણિતો, વડીલ મહિલાઓ, સ્થળાંતર કરતાં અને આદિવાસી લોકો સ્વાસ્થ્ય સેવાઓથી વંચિત રહે 8.

આ ઉપરાંત અન્ય મહત્ત્વપૂર્ણ માનવ અધિકારોના હનનમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે. મહિલા વિરૂદ્ધ હિંસા, સ્ત્રીભ્રૂણ હત્યા, ગર્ભમાંના બાળકનું લિંગ પરીક્ષણ તથા પુત્ર પ્રાધાન્યતાને દૂર કરવા તરફ સેવાતું દુર્લક્ષ, મહિલાઓ પર નિયંત્રિત તબીબી સંશોધનો અને ઉપચારો અજમાવવાની ખામીના કારણે થતું નુકસાન. નુકસાનકારક અથવા બિનજરૂરી હસ્તક્ષેપ અને ઉપચારો દૂર કરવામાં અપાતું અપૂરતું ધ્યાન, કાર્યસ્થળે જોખમી વાતાવરણને દૂર કરવામાં બેદરકારી, તબીબી સેવા/સંભાળ મેળવવામાં તથા નસબંધીનું ઓપરેશન, ગર્ભાશયના નિકાલ અંગેના ઓપરેશન જેવી તબીબી પ્રક્રિયાઓ, પતિની પૂર્વસંમતિ લેવાની જરૂરિયાત. ૧૮ વર્ષથી નાની ઉંમરે લગ્ન ન કરવાના કાયદાના SSS અમલીકરણનો અભાવ. સ્વાસ્થ્ય સેવાના માળખામાં માનવ અધિકારોનું હનન નીચે દર્શાવેલ રીતોથી થાય છે.

સ્વાસ્થ્ય સેવા આપનારના પોતાના નૈતિક મૂલ્યોને કારણે ગર્ભનિરોધ તથા કાયદેસરના ગર્ભપાત જેવી પ્રજનન સ્વાસ્થ્ય સંબંધિત માંગણીઓને નકારાય છે. સારવાર લેવા આવનાર વ્યક્તિની ગોપનીયતા, વિશ્વસનીયતાનો અભાવ, ઉપચાર તથા પ્રાપ્ય વિકલ્પોની અપૂરતી માહિતી, તબીબી સારવારના વિકલ્પોની અવગણના.

## અવરોધો અને આવશ્યક પગલાં

**પ્રગતિની દેખરેખ** : રાજ્ય અને સ્વાસ્થ્ય સેવા આપનારાઓ કેટલે અંશે મહિલા સ્વાસ્થ્ય અધિકારો સંબંધિત કરારોને પૂરાં કરે છે, તેનું મૂલ્યાંકન કરવું અઘરું છે. વાસ્તવિક સૂચકો કે જેનાથી કરેલ પ્રગતિનું મૂલ્યાંકન કરી શકાય તેનો અભાવ એ એક મુખ્ય અવરોધ છે. તદ્દુપરાંત સમયસર જાણકારી ઉપલબ્ધ કરાવે તેવી માહિતી એકત્રીકરણ તથા દેખરેખની પ્રક્રિયાનો અભાવ એ પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં બાધારૂપ બને છે. કૈરો તથા બેજીંગના ઠરાવોના અમલીકરણની દેખરેખ માટે સરકાર, તબીબી સંગઠનો અને સ્વૈચ્છિક સંસ્થાઓનું રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે સતત કામ કરી પાયાના સૂચકો સાથે સંમત થવું જરૂરી છે.

**તબીબો (સ્વાસ્થ્ય વ્યવસાયીઓ)** : તબીબી વ્યવસાયીઓ તથા સંગઠનોએ, તબીબી વ્યવસાયના નૈતિક સિદ્ધાંતો તથા સનદ્‌માં મહિલા અધિકારોને નિરંતરપણે સાંકળતાં રહેવાની જરૂર છે. આ ઉપરાંત સ્વાસ્થ્ય સેવા માટે મહિલાઓ સાથે પરસ્પરના સંબંધો સુધારવાની, સ્વાસ્થ્ય જાણકારી પૂરી પાડવાની તથા મહિલા-પુરુષને સમાનતાના ધોરણે સ્વાસ્થ્ય સેવાઓ આપવાની અને સરકારને તે અંગે હિમાયત કરવાની જરૂર છે. આ બાબતના આયોજન અને દેખરેખ પ્રક્રિયાઓમાં મહિલા સ્વૈચ્છિક સંસ્થાઓનો સહકાર મેળવવો એ એક મહત્ત્વપૂર્ણ રણનીતિ છે.

**સરકારી કરારનામું** : સરકાર દ્વારા માનવ અધિકારોને માનવજીવનની સુખકારીના તમામ પાસાંઓ જેવાં કે, સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક અધિકારોના રૂપે ન આપતાં તેને સામાન્ય રાજનૈતિક અને નાગરિકત્વના અધિકારરૂપે મર્યાદિતપણે મૂલવવામાં આવ્યાં છે. તેથી માનવ અધિકારો પડકારરૂપ જણાય છે. આ માટે સરકારે ખુલ્લા મને પોતાના દૃષ્ટિકોણોને ફરીથી તપાસી જવાની (મૂલ્યાંકિત કરવાની) તથા અધિકારલક્ષી અભિગમથી મહિલાઓ તથા તેઓના સ્વાસ્થ્ય સ્તરને થતા ફાયદાઓને સ્વીકારવાની જરૂર છે. વિશેષપણે પ્રાદેશિક સ્તર પર સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ, તબીબી વ્યવસાયીઓ તથા રાષ્ટ્રીય સેવા સંઘની માનવ અધિકારો, મહિલા અધિકારો તથા સ્વાસ્થ્ય ક્ષેત્રે કાર્યરત એજન્સીઓ વચ્ચે વધુમાં વધુ સંવાદ કેળવવાની જરૂર છે. જે રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યને વિશાળ બનાવવામાં સહાયરૂપ નીવડશે. મહિલા સ્વાસ્થ્ય અંગેની સ્વૈચ્છિક સંસ્થાઓ તથા તબીબીઓ (સ્વાસ્થ્ય વ્યવસાયીઓ) સાથેની મંત્રણામાં મહિલાઓની સર્વ સામાન્ય સંમતિ તથા કેરો અને બૈજીંગની ભલામણોના અમલીકરણ હેતુ સરકારે રાષ્ટ્રીય સ્તર પર વિગતવાર આયોજન કરવાની જરૂર છે.

**મહિલાઓની સ્વૈચ્છિક સંસ્થાઓ** : મહિલા સ્વાસ્થ્યને લગતું અધિકારોનું માળખું હોવું જરૂરી છે. સરકાર, તબીબો (સ્વાસ્થ્ય વ્યવસાયીઓ), માનવ અધિકારોના વકીલો તથા કર્મશીલો સાથે રહી આવા માળખાની હિમાયત તથા ગઠબંધન સંબંધિત રણનીતિઓ વિકસાવવી જરૂરી ૭. તદ્દુપરાંત તેઓએ છેવાડાની ગ્રામીણ મહિલાઓના સંપર્કમાં રહીને તેઓના સ્વાસ્થ્ય સેવાઓ વિશેના કેવાં અનુભવો છે તથા તેઓને તેમના સ્વાસ્થ્ય અધિકારો મેળવવામાં કેવી કેવી મુશ્કેલીઓ આવે 6 તે વિષયક સંવાદ કેળવવાની **જરૂર છે.**

**સ્વાસ્થ્ય ક્ષેત્રે કાર્યરત અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળી તેઓ મહિલાઓની આરોગ્ય જરૂરિયાતો અને મળવાપાત્ર હકો વિષયક રાષ્ટ્રીય આગેવાની લઈ શકે. આ ઉપરાંત અધિકારોના માળખામાં રહી રાજ્ય અને સ્વાસ્થ્ય સેવા અપનાવનારાઓએ મહિલા સ્વાસ્થ્ય પ્રાપ્તિનું લક્ષ્ય ક્યાં સુધી હાંસલ કર્યું છે તેનું મૂલ્યાંકન કરી શકે**


તંત્રી વિભાગઃ **સુશ્રી રશિદા અબ્દુલ્લાહ**

તજજ્ઞ વાંચકઃ **ડૉ. રીટા કોઠારી**, નિયામક, કાથા-ઝેવિયર્સ ભાષાંતર માટેનું કેન્દ્ર, સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ.

**'એરોઝ ફોર ચેન્જ'** (પરિવર્તન માટેના દિશાસૂચનો) પત્રિકા મૂળ આરોગ્ય, જનસંખ્યા, કુટુંબ નિયોજન અને મહિલા સંસ્થાઓના એશિયન-પેસિફિક નિર્ણયકર્તાઓ માટે બનાવવામાં આવે છે જે નીચે મુજબની માહિતી પૂરી પાડે છે.

મહિલાઓ તથા સ્વાસ્થ્ય ખાસ કરીને પ્રજનન સ્વાસ્થ્ય સંબંધિત મહિલાઓનો પુરુષ લિંગ સમાનતાનો દૃષ્ટિકોણ. નવીનતાસભર નીતિઓ ઘડવા તથા ક્ષેત્રિય કાર્યક્રમો પર પ્રકાશ પાડે છે. કૈરો ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય જનસંખ્યા અને વિકાસ પરના સંમેલન તથા બૈજીંગ ખાતે યોજાયેલ ચોથા મહિલાઓ સંબંધિત વૈશ્વિક સંમેલન પછી દેશમાં અમલ કરાતી પ્રવૃત્તિઓની દેખરેખ સંબંધી માહિતી પૂરી પાડે છે. સ્વાસ્થ્ય સંબંધિત એકત્રિત માહિતી તથા વિચારોનું પુરુષ-મહિલા સમાનતાના આધારે વિશ્લેષણ તથા પગલાં ભરવા માટેના પ્રક્રિયાની માહિતી.

આ પત્રિકા 'એરો' દસ્તાવેજીકરણ કેન્દ્ર દ્વારા અપાતી માહિતીથી તૈયાર કરેલ છે. આ પત્રિકાનું ગુજરાતી ભાષાંતર **ચેતના** દ્વારા કરવામાં આવેલ છે. આ પત્રિકાની માહિતી આપ પ્રકાશિત કરી શકો છો. આ બાબતે જે તે વ્યક્તિ/સંસ્થા શ્રેય પત્રિકાના તંત્રીને આપે અને માહિતીની એક નકલ તંત્રીશ્રીને મોકલે.

'સ્વીડીશ ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ કો-ઓપરેશન' (સીડા) તરફથી આ પત્રિકા માટે આર્થિક સહાય મળેલ છે.



તંત્રીશ્રી, એશિયન પેસિફિક રિસોર્સ એન્ડ રીસર્ચ સેન્ટર ફોર વિમેન (એરો) બીજે માળ, બ્લોક-એફ, અન્જુન્ગ ફેલ્ડા, જાલાન મક્તાબ ૫૪૦૦૦ કુઆલાલમ્પુર, મલેશિયા. ફોનઃ (૬૦૩) ૨૯૨૯૯૧૩. ફૅક્સઃ (૬૦૩) ૨૯૨૯૯૫૮. E-mail: arrow@arrow.po.my. Hompage: http://www.arrow.org.my


**આ પત્રિકા બાબતે આપના મંતવ્યો જરૂરથી જણાવશો.**

## ઇન્ટરનેશનલ પ્લાન્ડ પેરેન્ટહુડ ફેડરેશન (આઈ.પી.પી.એફ.) દ્વારા અધિકાર પત્ર

ઈ.સ. ૧૯૯૫માં આઈ.પી.પી.એફ.એ. પ્રજનન અને જાતીય સ્વાસ્થ્ય સંબંધિત અધિકારો, માન્ય હકો બહાર પાડ્યાં. જેઓ આંતરરાષ્ટ્રીય માનવ અધિકારોના વિધિસરના દસ્તાવેજોના આધારે છે અને ગુણવત્તા સુધારવાનો ધ્યેય ધરાવે છે.

### હેતુઓ

- જાતીયતા અને પ્રજનન સ્વાસ્થ્ય અધિકારો, માનવ અધિકારો તરીકે ઓળખાવા લાગે ત્યાં સુધીની જાગૃતિ ઊભી કરવી.
- માનવ અધિકારોને ધ્યાનમાં રાખીને દેશમાં અપાતી સ્વાસ્થ્ય સેવાઓના વિતરણ વચ્ચેના જોડાણને પ્રદર્શિત કરવો.
- માનવ અધિકારો સંબંધિત પ્રક્રિયાઓમાં સહભાગી થવાની સ્વૈચ્છિક સંસ્થાઓની ક્ષમતા વધારવી.

### અધિકાર પત્ર સંક્ષિપ્તમાં

આંતરરાષ્ટ્રીય માનવ અધિકારોના વિવરણ પરથી જાતિયતા તથા પ્રજનન સંબંધી અધિકારોને મુખ્ય માનવ અધિકારોના મુદ્દાને કાયદેસર રીતે પુરવાર કરે 6. આને આંતરરાષ્ટ્રીય કાયદાનો દરજ્જો મળેલ 6. આથી જે દેશોએ માન્યતા આપી 6 તેઓ પોતાના દેશના કાયદાકીય માળખામાં એને કાયદેસરનું સ્થાન આપવા કરારબદ્ધ 6. આ અધિકાર પત્ર, સ્વૈચ્છિક સંસ્થાઓને મદદરૂપ થવા માપદંડ તરીકે તૈયાર કરેલ છે, જેથી સરકારે માનવ અધિકારોને, વિશેષપણે જાતીયતા અને પ્રજનન સંબંધી અધિકારોને સમર્થન આપવા પોતાના વચનોને કેટલે અંશે અમલમાં મૂક્યાં 6 તેની દેખરેખ રાખી શકે.

**જીવવાનો અધિકાર:** અધિકાર પત્ર દર્શાવે 6 5, જીવવાનો અધિકાર સ્ત્રીઓને પણ લાગુ પડે 6. મહિલાઓના જીવનને સગર્ભાવસ્થાના જોખમોથી બચાવવા આ અધિકારને સંબોધવો જોઈએ.

**વ્યક્તિની સ્વતંત્રતા અને સુરક્ષાનો અધિકાર :** અધિકાર પત્ર દર્શાવે 6 5, વ્યક્તિની સ્વતંત્રતા અને સુરક્ષાનો અધિકાર મહિલાઓને પણ 6. હાલમાં જે સ્ત્રીઓ પર જાતીય અંગો ભગ્ન કરવાનું જોખમ છે તથા જેઓ દબાણપૂર્વકની સગર્ભાવસ્થા, વ્યંધીકરણ અને ગર્ભપાતનો ભોગ બને 6 તેમના રક્ષણ હેતુ આ અધિકારને સંબોધવો જોઈએ.

**ભેદભાવોથી મુક્ત :** પત્ર દર્શાવે છે કે, તમામ પ્રકારના ભેદભાવોથી મુક્ત રહેવાનો અધિકાર, બધીજ વ્યક્તિઓને જાતિ, રંગ, લિંગ, વૈવાહિક &?%.dl કુટુંબની સ્થિતિ, ઉંમર, ભાષા, ધર્મ, રાજનૈતિક અથવા અન્ય અભિપ્રાય, રાષ્ટ્રીય અથવા સામાજિક ઉદ્‌ગમસ્થાન, મિલકત, જન્મ અને અન્ય દરજ્જો ભેદભાવ વગર મળવો જોઈએ. આ અધિકાર બધાંના વિકાસ સંબંધિત સમાન જાણકારી, શિક્ષણ અને સેવાઓ તથા જાતીયતા dell પ્રજનન સ્વાસ્થ્ય સંબંધિત સ્વાસ્થ્ય પ્રાપ્તિના અધિકારને રક્ષવા માટે સંબોધવો જોઈએ.

**ગોપનીયતાનો અધિકાર:** આ અધિકાર તમામ પ્રજનન અને જાતીય સ્વાસ્થ્ય સંભાળની મહિતી, શિક્ષણ તથા સેવાઓ મેળવનારાઓને લાગુ પડે છે. આથી સ્વાસ્થ્ય સેવાઓ આપનારાઓને આવી વ્યક્તિઓ દ્વારા અપાતી વ્યક્તિગત માહિતીની ગોપનીયતા અને વિશ્વસનીયતા જાળવી રાખવા માટે આવો અધિકાર સંબોધાવો જોઈએ.

**સ્વતંત્રપણે વિચારવાનો અધિકાર :** વિચાર, વિવેકબુદ્ધિ અને ધર્મ આધારિત મનાઈથી પર તમામ વ્યક્તિઓને પ્રજનન અને જાતીય સ્વાસ્થ્ય સંબંધિત શિક્ષણ અને જાણકારી મેળવવાનો અધિકાર છે.

**જાણકારી અને શિક્ષણ મેળવવા:** કુટુંબ નિયોજનની તમામ પદ્ધતિઓના ફાયદા, જોખમો અંગેની સંપૂર્ણ જાણકારી મેળવવાનો અધિકાર છે. જેથી તેઓ સંતતિ નિયમનનો કોઈપણ નિર્ણય પોતાની સંપૂર્ણ, સ્વતંત્ર અને સમજણપૂર્વકની સંમતિથી લઈ શકે.

**લગ્ન અંગેની પસંદગી કુટુંબ જીવન તથા સંતતિ આયોજન :** બધી વ્યક્તિઓને લગ્ન કરવા/ન કરવા તથા કુટુંબજીવનની સ્થાપના dell સંતતિ નિયમનનો અધિકાર 6. તે માટે બંને સાથીઓની સંપૂર્ણ, સ્વતંત્ર અને જ્ઞાત સંમતિ હોવી જરૂરી છે.

**બાળકો જોઈએ કે નહીં? અથવા ક્યારે? નિર્ણય લેવાનો અધિકાર:** પત્ર દર્શાવે 6 કે દરેક વ્યક્તિને પ્રજનન સ્વાસ્થ્ય સંભાળની સેવાઓ કે જે સલામત અસરકારક અને સ્વીકારી શકાય તેવી શ્રેણી પ્રદાન કરે છે તથા જે પદ્ધતિઓ પોષાય તેવી, પ્રાપ્ય, સ્વીકાર્ય અને સુલભ રીતે મેળવવાનો અધિકાર 6.

**સ્વાસ્થ્ય સંભાળ અને સ્વાસ્થ્ય રક્ષાનો અધિકાર :** દરેક વ્યક્તિને ગુણવત્તાસભર સ્વાસ્થ્ય સંભાળ મેળવવાનો અને સ્વાસ્થ્ય માટે નુકસાનકારક પરંપરાગત પ્રણાલીઓથી મુક્ત રહેવાનો અધિકાર છે. આમ વ્યક્તિને સ્વાસ્થ્ય સંભાળ અને સ્વાસ્થ્ય રક્ષાનો અધિકાર છે.

**વૈજ્ઞાનિક પ્રગતિનો લાભ મેળવવાનો અધિકાર :** દરેક વ્યક્તિને પ્રજનન સ્વાસ્થ્ય સંભાળને લગતી તકનીકો, તેને સ્વીકારવા યોગ્ય જોખમો/ફાયદા અને જો આ તકનીકો સ્વાસ્થ્ય માટે નુકસાનકારક નીવડે તો તેને અટકાવવાનો અધિકાર છે.

**સંગઠિત થવાનો અને રાજનીતિમાં ભાગ લેવા:** બધાંને ભેગા મળી સંગઠન રચવાનો અધિકાર છે અને તેનું રક્ષણ થવું જોઈએ.

**માનસિક હેરાનગતિ તથા દુર્વ્યવહાર મુક્ત રહેવાનો અધિકાર:** આ અધિકાર પત્ર મુજબ દરેકને માનસિક હેરાનગતિ તથા અમાનવીય અથવા દુર્વ્યવહારથી મુક્ત રહેવાનો અધિકાર છે. દરેક પ્રકારની જાતીય હિંસા, શોષણ અને અત્યાચારથી બાળકો, મહિલાઓ અને પુરુષોને બચાવવા માટે આ અધિકાર સંબોધાવો જોઈએ.

# મહિલાઓને પણ કંઈક કહેવાનો અધિકાર છે?

આંતરરાષ્ટ્રીય પ્રજનન સ્વાસ્થ્ય પરનું સંશોધન જૂથ (ધ ઈન્ટરનેશનલ રીપ્રોડક્ટીવ રાઈટ્સ રીસર્ચ એક્શન ગૃપ - આઈ. આર. આર. આર.એ.જી.) મૂળ એ બાબત પર આધાર રાખે છે કે, જ્યાં સુધી સ્થાનિક/ગ્રામીણ મહિલાઓ પોતાના રોજિંદા જીવનમાં પ્રજનન અને જાતીય સ્વાસ્થ્ય વિશે કઈ રીતે/શું વિચારે છે? તે વિશે ઊંડાણપૂર્વક જાણી ન લેવાય ત્યાં સુધી એવી ધારણા ન કરી શકાય કે તમામ મહિલાઓની પ્રજનન અને જાતીય અધિકારો તથા તે વિષયક જરૂરિયાતો એક સમાન છે. પ્રત્યેક મહિલાની પ્રજનન અને જાતીય સ્વાસ્થ્ય વિષયક જરૂરિયાત અલગ-અલગ પણ હોઈ શકે.

આઈ.આર.આર.આર.એ.જી.નો ઉદ્ભવ સક્રિય મહિલા કાર્યકરો/ આંદોલનકારીઓ, સ્વાસ્થ્ય હિમાયતીઓ તથા શિક્ષણશાસ્ત્રીઓની એક એવી ચિંતા ભાગરૂપે થયો છે કે, મહિલાઓ પોતે પણ પોતાની સ્વાસ્થ્ય જરૂરિયાતો જાણે છે તે વિશે વિચારી શકે છે તે બાબત પર જનસંખ્યા નીતિ અને કાર્યક્રમો ધ્યાન આપતાં નથી. જેના પરિણામે આયોજનમાં મહિલાઓની અવગણના થાય છે. જે મહિલાઓના માનવ અધિકારોનું હનન કરે છે. આમ, પ્રજનન સ્વાસ્થ્ય અધિકારોને લગતું આંદોલન વેગવંતું બન્યું, જે દઢપણે માને છે કે મહિલાઓને પોતાના પ્રજનન સ્વાસ્થ્ય અને તેને લગતી ભૂમિકા પરનું નિયંત્રણ હોવું ખૂબ મહત્ત્વનું છે.

### આઈ.આર.આર.આર.એ.જી.નો અભ્યાસ

આઈ.આર.આર.આર.એ.જી.ની સ્થાપના ઈ.સ. ૧૯૯૨માં એક આંતર-રાષ્ટ્રીય કાર્યક્રમ તરીકે વિભિન્ન રાષ્ટ્ર તથા સાંસ્કૃતિક વાતાવરણમાં જીવતી ગ્રામીણ મહિલાઓને પ્રજનન સ્વાસ્થ્ય અધિકારોનો અર્થ અને મહત્ત્વ જણાવવાના ભાગરૂપે થઈ. રોઝાલીન્ડ પેચેસ્કી દ્વારા સંકલિત આ અભ્યાસ બ્રાઝિલ, ઈજિપ્ત, મલેશિયા, મેક્સિકો, નાઈજીરિયા, ફીલીપીન્સ અને અમેરિકા (યુનાઈટેડ સ્ટેટ્સ) એમ સાત દેશોમાં હાથ ધરવામાં આવ્યું.

આ અભ્યાસ મહિલાઓની અધિકાર વિષયક સમજ અને પ્રજનન સ્વાસ્થ્ય અને જાતીયતા સંબંધિત નિર્ણયો લેવાની રણનીતિઓ આધારિત તથા માતા-પિતા, પતિ, ધાર્મિક વડાઓ અને તબીબી સંભાળ આપનારાઓના વાસ્તવિક અને અનુમાનિત વિરોધો સાથે કેવી રીતે સમાધાન કરે છે તેની પર કેન્દ્રિત છે.

આ અભ્યાસ ગર્ભ નિરોધ, કુટુંબ નિયોજન અને ગર્ભપાત ઉપરાંત આ સંશોધન પ્રજનન સ્વાસ્થ્યના મુદ્દાઓ પર કેન્દ્રિત છે. જેવાં કે, મહિલાઓના પ્રજનન સ્વાસ્થ્ય અધિકારોથી ઓળખ તથા અલગ-અલગ દેશ, સંસ્કૃતિ, જાતિ, વર્ગ અને ધર્મમાં પ્રજનન સ્વાસ્થ્ય જરૂરિયાતોની સામાન્યતા અને તફાવતો પણ ધ્યાનમાં લે છે.

**ધ્યેય:**

- મહિલાઓ, ખાસ કરીને ગરીબ મહિલાઓના પ્રજનન સંબંધી અધિકારોને વાચા આપવી. જેમનો અવાજ/સમસ્યાઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નીતિ નિર્માણ ક્ષેત્રમાં ખૂબ ઓછો સાંભળવામાં આવે છે.
- પ્રજનન અધિકારોની આંતરરાષ્ટ્રીય માનવ અધિકારો તરીકેની ઓળખ વધે તે માટેની જરૂરી જાણકારી પૂરી પાડવી.

### વિષયગત માળખું

આ સંશોધન લગભગ ચાર વિષયોને લગતું હાથ ધરવામાં આવ્યું.

**૧. અધિકાર પ્રદાનનો વિચાર વિષય:** કેવાં સંજોગો અને માન્યતાઓના કારણે મહિલાઓએ પ્રજનન સ્વાસ્થ્ય અને જાતીયતાને લગતાં અધિકારો પ્રાપ્ત કરવાની સમજ કેળવી?

**૨. પ્રજનન સ્વાસ્થ્યને લગતા નિર્ણય લેવાં:** મહિલાઓ તેમના જીવનકાળ દરમિયાન બાળજન્મ, ગર્ભનિરોધ, ગર્ભપાત, લગ્ન, માતૃત્વ અને જાતીય ઓળખ સહિતની જાતીયતા અંગેના નિર્ણયો કેવી રીતે લે છે?

**૩. પ્રતિકાર અને સમાધાન:** સ્વ ઓળખ અને પ્રજનન સંબંધી નિર્ણયોમાં કેવા પ્રતિકાર અને સમાધાનને મહિલાઓ વ્યવહારમાં મૂકે છે અને તેની શક્યતાઓ વિશે વિચારે છે.

**૪. સામાજિક, રાજનૈતિક, કાયદાકીય અને આર્થિક પરિસ્થિતિઓ:** મહિલાઓના અનુભવો અને જ્ઞાન પ્રમાણે કેવા પ્રકારની સામાજિક, આર્થિક, કાયદાકીય અને રાજનૈતિક પરિસ્થિતિઓ અને સેવાઓ તેમના પ્રજનન જીવન અને અધિકારોને લગતાં નિર્ણયો પર પ્રભાવ પાડે છે.

### પદ્ધતિ

આઈ.આર.આર.આર.એ.જી.નું સંશોધન મુખ્યત્વે ગુણવત્તાત્મક માનવવંશ વિજ્ઞાનને લગતો અભ્યાસ છે. સંશોધનના પ્રાપ્ત જાણકારીને પ્રમાણભૂત આધાર આપવા અને તેને સુદઢ બનાવવાના હેતુસર સંખ્યાત્મક જાણકારીનો આધાર આપેલ છે.

આ સંશોધન પદ્ધતિમાં વિવિધ સામાજિક પરિસ્થિતિ અને ઓછી આવક ધરાવતાં લોકો સાથેની ગહન પ્રત્યક્ષ મુલાકાતનો સમાવેશ કરેલ. આવાં લોકો તેમના દેશની સામાજિક પરિસ્થિતિનો ચિતાર આપી શક્યાં હતાં. પ્રત્યેક દેશના સંશોધન જૂથે પ્રત્યક્ષ મુલાકાતની અલગ-અલગ પદ્ધતિઓ અપનાવી હતી. જેમ કે - જૂથ ચર્ચા, વ્યક્તિગત મુલાકાત, પાત્ર અભિનય વગેરે. દરેક દેશે પોતાના સંશોધનમાં એક ગ્રામીણ અને મોટા ભાગના

દેશોએ પોતપોતાના દેશના સંશોધનમાં વિષયાગત માળખાને સ્વીકાર્યું કે જે સ્થાનિક વાતાવરણમાં લાગુ કરવાને યોગ્ય હતું. એની સાથે સાથે મહિલાઓના સામાજિક, સાંસ્કૃતિક, કાયદાકીય અને સ્વાસ્થ્ય દરજ્જાને લગતું પાયાનું સંશોધન હાથ ધરી તેમાંથી મળેલ માહિતીને નિષ્કર્ષમાં સમાવવામાં આવી. આ ઉપરાંત કેટલાંક દેશોએ સ્વાસ્થ્ય સેવા પ્રદાતાઓ, સમુદાય, સંગઠન અથવા ધાર્મિક નેતાઓ કે જેઓ મોટાભાગના પુરુષો હતાં. તેઓના જીવન ઈતિહાસ, વિષયક જાણકારી, કેન્દ્રિત જૂથ ચર્ચા અથવા પાત્ર અભિનય દ્વારા એકત્રિત કરી.

### ભિન્ન-ભિન્ન દેશો વચ્ચે હાથ ધરેલ સંશોધનના પરિણામો

આ અભ્યાસના તારણો દર્શાવે છે કે, સાતેય દેશો વચ્ચે ભિન્ન ભિન્ન પ્રકારના તફાવતો હોવા છતાં મુખ્યત્વે સમાન ઢબો છે. એકંદરે જે ભિન્નતા જણાઈ તે મહિલાઓના પ્રદર્શિત ભાવ અને પ્રજનન અને જાતિય સ્વાસ્થ્ય વિષયક તેમની સમજ બાબતની હતી. લગ્ન તોડી નાખવાં અથવા બિલકુલ લગ્ન જ ન કરવા અંગેના નિર્ણયો દ્રઢપણે તેના વ્યવહારુ પરિણામો પર આધારિત હોવાનું જણાય છે અથવા તે સામાજિક દૂષણ તરફ દોરી જાય છે. દા.ત. મલેશિયા, નાઈજીરિયા, ઈજિપ્ત અને ફિલિપિન્સની મહિલાઓ આખી જીંદગી અપરિણીત રહેવા વિશે વિચારી ન શકે. કારણ કે સાંસ્કૃતિક રીતે લગ્ન બહારના સંબંધોથી બાળકોને જન્મ આપનાર તથા તેના વિકલ્પરૂપે છૂટાછેડા લેનાર અથવા પતિથી અલગ થનાર મહિલાઓને તેમનો સમાજ સ્વીકારતો નથી. જ્યારે બ્રાઝિલ, મેક્સિકો અને અમેરિકાની મહિલાઓ માટે અપરિણિત રહેવું અથવા લગ્ન વગર મા બનવું એ વધુ વાસ્તવિક છે.

સાતેય દેશોની મહિલાઓને સામાજિક, સંસ્થાગત અને કાયદાકીય અવરોધોથી મુક્ત તેઓની પ્રજનનક્ષમતા, બાળજન્મ અને ગર્ભનિરોધક સાધનોની પસંદગી તથા વપરાશ પર નિયંત્રણ ધરાવવાની ઉત્કટ ઈચ્છા છે. દા.ત. બ્રાઝિલ, મલેશિયા, મેક્સિકો, નાઈજીરિયા અને ફિલિપિન્સની મહિલાઓ તેમના પતિ તથા માતા-પિતાને જણાવ્યા વગર ગર્ભનિરોધ તથા ગર્ભપાત માટે પરંપરાગત ઔષધિઓ અને દવાની દુકાનમાંથી ખરીદેલી દવાઓ ઉપયોગમાં લે છે.

તદુપરાંત મહિલાઓને લાગે છે કે તેઓ બાળજન્મ અને બાળઉછેરની જવાબદારીઓ નિભાવે છે. જેના આધારે તેઓને આ પ્રકારના નિર્ણયો લેવાનો અધિકાર છે.

> *"મેં એકલીએ જ કુટુંબ નિયોજનને લગતાં તમામ નિર્ણયો લીધાં, હું નક્કી કરીને જ મારા પતિને કહેતી કે આપણે વધારે બાળકો અથવા ઓછા સમયાંતરે બાળકો જોઈતાં નથી. કારણ કે બાળઉછેરની ભૂમિકા તે નિભાવતા નહોતાં. મારે જ બધું સહેવું પડતું હતું." - લાઈ ચિન, મલેશિયા.*

યુવા, અપરીણિત તથા વડીલ મહિલાઓ કે જેમણે માતૃત્વ અનુભવ્યું છે તેઓનાં જાતીયતા અને પ્રજનન સ્વાસ્થ્ય સંબંધિત અધિકારો મેળવવાની સુદ્રઢ સમજ છે.

દા.ત. ઈજિપ્ત, મલેશિયા અને શહેરી નાઈજીરિયાની યુવા અપરીણિત મહિલાઓમાં પોતાના જીવન સાથીની પસંદગી, ઘરબહાર કાર્ય કરવાની/કમાવવાની તથા ગર્ભનિરોધ અને ગર્ભપાત બાબતના નિર્ણયો સ્વતંત્રપણે લેવાની ઈચ્છા ધરાવતી હોવાનું માલુમ પડ્યું છે. જ્યારે નાઈજીરિયા અને મલેશિયાની કેટલીક અપરીણિત યુવા મહિલાઓ લગ્ન પહેલાંના જાતીય સંબંધોને સ્વીકારે છે. તદુપરાંત બ્રાઝિલ, નાઈજીરિયા અને યુ.એસ.એ.ની માતાઓ તેમની દીકરીઓ તેમના કરતાં વધુ શિક્ષણ પામે અને સ્વતંત્રતા ભોગવે તેવી ઈચ્છા ધરાવે છે.

મહિલાઓની કમાવવાની ક્ષમતા વધતાં તેમની પ્રજનન અને જાતીયતા અંગેના નિર્ણયોના અધિકારોની સક્ષમતા અર્થપૂર્ણ રીતે વધી છે. ઘરમાં પતિ દ્વારા થતી હિંસાને અટકાવવા માટે અને જો પરિસ્થિતિ વધુ વણસી જાય તો પતિને છોડી પોતાના બાળકોને જાતે ઉછેરવામાં આર્થિક સક્ષમતા મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે. (ફિલિપીન્સ, મલેશિયા, બ્રાઝિલ અને યુ.એસ.)

> *"લગ્ન પછી ઘર બહાર જઈ કમાવવામાં ભલાઈ છે, જો તમે ગૃહિણી બની ઘરમાં રહેશો તો તમારો પતિ તમારી પર જુલમ ગુજારશે. જો તમે નોકરી કરતાં હશો, કમાતાં હશો તો તમારે ડરવાની જરૂર નથી." - મલેશિયા*

મહિલાઓનો જાતીય આનંદ અને સંતોષ માટેના દાવા બાબતે ફિલિપિન્સ, મેક્સિકો અને નાઈજીરિયામાં જાતીય સંબંધોમાં સમાધાન કરવું તે પત્નીની ફરજ છે જ્યારે જાતીય આનંદ મેળવવો એ પુરુષોનો વિશેષાધિકાર હોવાનું જાણવા મળ્યું છે. તેમ છતાંય મહિલાઓ જાતીય આનંદ બાબતનો અધિકાર વ્યક્ત કરવા કરતાં જાતીય સંબંધોને કારણે ઊભા થતાં જોખમો બાબત સ્પષ્ટપણે પોતાના વિચારો વ્યક્ત કરે છે.

> *"જો પુરુષ એઈડ્સ અથવા અન્ય કોઈ પ્રકારના જાતીય સંબંધોથી ફેલાતી બીમારીથી પીડિત હોય તો તેની પત્ની પોતાની જાતને આવી બીમારીઓથી બચાવવી તેની સાથેના જાતીય સબંધને નકારવા જેટલી સક્ષમ હોવી જોઈએ. - મારીઈ ટુ, નાઈજીરિયા.*

સ્વાસ્થ્ય અને કુટુંબ નિયોજનની સેવાઓની નબળી ગુણવત્તા, ઊંચી કિંમતો તથા તે સહેલાઈથી મળતી નથી એવી લોક ફરિયાદો ખાસ કરીને સ્વાસ્થ્ય સેવાઓ આપનારાઓ તરફથી અપાતી નબળી અને અમાનવીય સારવાર વિષયક ફરિયાદો આ સાતેય દેશોમાં સમાન હોવાનું જણાયું છે.

**ઉપયોગી પરિણામો:**

- આ સંશોધનમાં જોડાયેલ અલગ અલગ સાંસ્કૃતિક અને રાજનૈતિક લોકોને સક્રિય જાણકારી અને સહભાગીના રૂપમાં જોડીને તેમના દેશ સ્થિત સંશોધનની વિશિષ્ટ પદ્ધતિ તૈયાર કરવામાં આવી.
- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રકાશનોએ આઈઆરઆર-આરએજીના તારણોનું કેટલીક ભાષામાં દસ્તાવેજીકરણ કરીને તેનું સમગ્ર વિશ્વમાં વિતરણ કરવામાં આવ્યું.
- સમુદાય માટે હિમાયત કરવાના માપદંડ રૂપે, મહિલા સ્વાસ્થ્ય અને સામાજિક પરિસ્થિતિઓમાં પરિવર્તન લાવવાને સમર્પિત સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને તથા સમુદાય કે જ્યાં આ સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું તેમને આ સંશોધનના તારણો પ્રાપ્ત કરાવવાના આઈ.આર.આર. આર.એ.જી. સંશોધન જૂથે સક્રિય પ્રયત્નો કર્યા.

નાઈજીરિયા, ઈજિપ્ત, ફિલિપિન્સ અને મલેશિયાની મહિલાઓ તબીબી ભ્રષ્ટાચારનો ઓછો વિરોધ કરતી જણાય છે. સ્વાસ્થ્ય સેવાઓ વગર તેમનું સ્વાસ્થ્ય જોખમમાં મૂકાઈ શકે તેમ હોવા છતાં તેઓ સારવાર મેળવવા જવા તૈયાર નથી. જ્યારે કેટલીક મહિલાઓને પોતે જેમની સાથે રહે છે તેના કરતાં સરકારી સંસ્થાઓને તેમની તરફથી થતા અન્યાય અને પોતાને મળવાપાત્ર અધિકારો બાબતે સ્પષ્ટપણે બોલવાનું વધુ સહેલું લાગ્યું છે.

## નિષ્કર્ષ

આઈ.આર.આર.આર.એ.જી. અભ્યાસ દર્શાવે છે કે, એકંદરે ઓછી આવક ધરાવતી મહિલાઓ જ્યારે બાળજન્મ, ગર્ભનિરોધ, ગર્ભપાત, લગ્ન અને જાતીય સંબંધ સંબંધિત નિર્ણયો લે છે ત્યારે તેઓ પોતાના અધિકારોને સુદૃઢપણે વ્યક્ત કરે છે.

તેઓ અધિકારોને પ્રભાવીરૂપે સમજે છે પરંતુ મર્યાદિત સાધનો, સહાયક સામાજિક વાતાવરણનો અભાવ, બેજવાબદાર શાસનતંત્રના કારણે મહિલાઓ પોતાની જરૂરિયાતોને સંતોષવા માટે પારંપરિક પ્રણાલીઓ તથા પોતાની અપેક્ષાઓ સાથે મોટેભાગે સમાધાન સાધે છે.

મહિલાઓને પોતાના અધિકારો વિશે શું કહેવું છે? તે પર ધ્યાન આપવાના ઘણાં દૂરગામી પરિણામો છે. જેવાં કે - પ્રજનન સ્વાસ્થ્ય લગતી નીતિઓમાં પરિવર્તન તથા મહિનાઓના પ્રજનન અધિકારો સંબંધિત સમાજના દૃષ્ટિકોણમાં પરિવર્તન આપવું.

સ્ત્રોત: ઉપર્યુક્ત લેખ આઈ.આર.આર.આર.એ.જી.ના *'નેગોશીએટીંગ રીપ્રોડક્ટીવ રાઈટ્સ' ('પ્રજનન અધિકારો સાથેના સમાધાન') ની પ્રસ્તાવના અને નિષ્કર્ષના સારરૂપ છે.*

**ઈન્ટરનેશનલ રીપ્રોક્ટીવ રાઈટ્સ રીસર્ચ એક્શન ગ્રૂપ (આઈઆરઆરઆરએજી)**
પેચેસ્કી, આર એન્ડ જડ કે. ફોર્થકમીંગ ૧૯૯૮- નેગોશીએટીંગ રીપ્રોડક્ટીવ રાઈટ્સ. લંડન-ઝેડ બુક્સ.

આઈ.આર.આર.આર.એ.જી. વિશે વધુ માહિતી મેળવવા સંપર્ક સાધો:
આઈ.આર.આર.આર.એ.જી. હંટર, કોલેજ, ૬૯૫, પાર્ક એવન્યુ, ન્યુયોર્ક, એનવાય ૧૦૦૨૧,
યુ.એસ.એ. ટેલિ.૧-૨૧૨-૭૭૨૫૬૮૨.ફેક્સ: ૧-૨૧૨-૭૭૨-૪૨૬૮.
ઈ-મેઈલ: <irrrag@igc.apc.org>



Graphic Source: Not Available

# આંતરરાષ્ટ્રીય દેખરેખ સંબંધી પ્રવૃત્તિઓ

૧૫મું આંતરરાષ્ટ્રીય એઈડ્સ સંમેલન બેંગકોકમાં તારીખ ૧૫-૧૬ જુલાઈ, ૨૦૦૪ દરમિયાન યોજાયું. આંતરરાષ્ટ્રીય એઈડ્સ સોસાયટી દ્વારા આયોજિત આ સંમેલનમાં એચ.આઈ.વી./એઈડ્સ જેવી જીવલેણ બીમારી સામે લડત આપવાના કાર્યમાં સક્રિયપણે જોડાનાર વિવિધ શ્રેણીના કાર્યકરોને ફરીવાર એક સ્થાને એકત્રિત થવાનો અવસર સાંપડ્યો. આ સંમેલનમાં સંશોધનકર્તાઓ, વૈજ્ઞાનિકો, દાનવીરો/દાતાઓ, સરકારી નેતાઓ, સરકારી સ્વાસ્થ્ય પ્રદાતાઓ, તબીબો તથા ધર્મ આધારિત સંસ્થાઓ - એવા લોકો, કે જેઓને એચ.આઈ.વી. એઈડ્સના શિકાર બની શકે તથા જે તેનાથી પીડિત છે તેવા સમુદાયના પ્રતિનિધિઓ જેવાં કે - યૌન કાર્યકરો, નસોમાં નશીલી દવાઓના ઈંજેક્શન લેનારાઓ, સમલિંગીઓ, યૌન સંબંધ દ્વારા બિમારીઓ ફેલાવનારાઓ, પુરુષ-પુરુષ સાથે યૌન સંબંધો રાખનારાઓ અને જે લોકો એ.આઈ.વી./એઈડ્સ સાથે જીવે છે તેઓને પોતાની સાથે લઈને આવેલ હતા. બાર્સેલોના પછી ફરીથી આ બધા બે વર્ષે આ વર્ષના વિષય 'સહુ સુધીની પહોંચ' બેનર હેઠળ એકત્રિત થયાં. બાર્સલોનાના સંમેલનમાં જ્યાંથી મુદ્દાઓ અધૂરા છોડાયેલ હતાં ત્યાંથી શરૂ કરીને આ વર્ષના સંમેલનમાં ચર્ચા મુખ્ય પાંચ વિષયો કેન્દ્રિત રહી જેમ કે - મૂળભૂત/પાયાનું વિજ્ઞાન, દવાઓને (ક્લીનીકલ) લગતું સંશોધન અને સારવાર, મહામારી શાસ્ત્ર અને અટકાવ, સામાજિક અને આર્થિક મુદ્દાઓ તથા નીતિઓ અને કાર્યક્રમોનું અમલીકરણ, નેતૃત્વશક્તિ અને એચ.આઈ.વી./એઈડ્સના શિકાર બની શકે તેવા સંભવિત સમુદાયો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. બાર્સલોનામાં એચ.આઈ.વી./એઈડ્સને કટોકટીભર્યો ચેપી રોગ તરીકે સ્વીકારવામાં આવ્યો. બેંગકોકમાં એચ.આઈ.વી./એઈડ્ને માનવ અધિકારો અને વિકાસના મુદ્દા તરીકે ઓળખવામાં આવ્યો તથા ઘણા દેશો એઈડ્સ, ક્ષય (ટી.બી.) અને મેલેરીયા સામે વૈશ્વિક આર્થિક સહાય દ્વારા લડત આપવા કટિબદ્ધ થયાં. સરકારોને પણ તેમની કાર્યકુશળતાવર્ધન અને આર્થિક ભંડોળના અસરકારક વિતરણ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી.

ભિન્ન-ભિન્ન રણનીતિઓના ઉપયોગની જરૂરિયાત અને રાજકીય સિદ્ધાંતોની પાછળની વિચારસરણી સામે વાસ્તવિકતાને વિશાળપણે અને બુલંદ અવાજે મૂકવાને સ્વીકૃતિ મળેલ છે કારણ કે વાસ્તવિકતા તો એ હતી કે માત્ર સુખચેનથી સદંતર દૂર રહેવા માત્રથી નહીં ચાલે. એચ.આઈ.વી./એઈડ્સ અને જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય વચ્ચેના જોડાણને દેખીતી રીતે ચર્ચા વિચારણા માટે મૂકાવેલ છે. તદુપરાંત એચ.આઈ.વી./એઈડ્સ સાથે જીવતાં લોકો ખાસ કરીને મહિલાઓ કે જેઓ ઘણી દેખીતી રીતે અસુરક્ષિત જાતીય સંબંધ, ગર્ભનિરોધ, ગર્ભપાત, એસ.ટી.આઈ./આર.ટી.આઈ., ગર્ભાવસ્થા અને સુવાવડ જેવાં એસ.આર.એચ.આર.ની ચિંતનીય મુદ્દાઓનો સામનો કરે છે. તેની પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ચિંતાની બાબત એ છે કે તેમ છતાં મોટાભાગના કિસ્સાઓમાં જાતીય અને પ્રજનન સ્વાસ્થ્યને કુટુંબનિયોજન, સ્વૈચ્છિક પરામર્શ અને તપાસ અને માતાપિતા દ્વારા બાળકોને લગતાં એચ.આઈ.વી./એઈડ્સ સંક્રમણ પૂરતા મર્યાદિત સંદર્ભમાં જોવામાં આવે છે.

**સંપર્ક સાધો: ઈન્ટરનેશનલ અઈડ્સ સોસાયટી.** Ch. de I Avanchet, 33, CH-1216 cointrin, Geneva, Switzerland. Tel : +41 0227 100800 Fax : +41 2271 100899 E-mail : secretariat@ias.se Web site : www.ias.se

### ભારત

ધ પોપ્યુલેશન કાઉન્સીલ એન્ડ પોપ્યુલેશન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા (પી.એફ.આઈ.) એ યુવાઓ માટે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ, યુવા સાંસ્કૃતિક અને રમતગમત મંત્રાલય તથા સ્વાસ્થ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય સાથે મળીને યુવાઓ માટે પ્રોત્સાહક વાતાવરણ નિર્માણ હેતુ એક સંગઠન રચેલ છે. જ્યાં યુવાઓ પોતાના સ્વાસ્થ્યને લગતા મુદ્દાઓ વિશેષ કરીને પ્રજનન અને જાતીય સ્વાસ્થ્ય તથા વિકાસને લગતાં મુદ્દાઓ સંબોધી શકે. આ સંગઠનનો મુખ્ય ધ્યેય - યુવા લોકોના સ્વાસ્થ્ય અને વિકાસ માટે હિમાયત કરવા માટે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તર પર યુવાઓનું સુદૃઢ અને જુસ્સાવંતુ સંગઠન રચવાનો છે. રાષ્ટ્રીય આયોજન મંડળના કિશોર-કિશોરો પર કાર્યરત જૂથને તકનીકી જ્ઞાન પ્રદાન કરવાના હેતુસર આ સંગઠનને પોતાની પ્રથમ પ્રવૃત્તિ રૂપે - નવી દિલ્હીમાં ૨૧-૨૩ મે, ૨૦૦૪ દરમિયાન 'યુવા લોકોઃ સ્વસ્થ ભવિષ્ય ભણી' વિષયક રાષ્ટ્રીય સ્તરની જ્ઞાનગોષ્ઠિનું આયોજન કર્યું.

આ જ્ઞાનગોષ્ઠિના પાયાના ધ્યેયો

(૧) વિવિધ સંસ્થાઓ, વિભાગો અને મંત્રાલયો દ્વારા અમલીકૃત યુવાઓ માટેના વિવિધ કાર્યક્રમો અને નીતિઓનું એકત્રીકરણ અને મૂલ્યાંકન કરવું.

(૨) યુવાઓની સ્થિતિ અને જરૂરિયાતોને લગતી સાબિતીઓ પૂરી પાડવી.

(3) સાબિતીઓ આધારિત, અસરકારક પ્રણાલીઓ/વ્યવહાર અને મોડેલોના આદાન-પ્રદાન અને વિતરણ હેતુ તંત્ર રચવું.

(૪) વિવિધ મંત્રાલયો, નેટવર્કો ખાસ 5114 યુવા સાંસ્કૃતિક વિભાગ સાથે મસલત કરી સંયુક્ત દેખરેખ તંત્રની સ્થાપના કરવી.

(૫) વિવિધતા લક્ષી દ્દષ્ટિકોણથી યુવા લોકોના સ્વાસ્થ્ય અને વિકાસને લગતાં મુદ્દાઓની મુક્ત ચર્ચાને અવકાશ આપવો.

(૬) યુવાઓના પ્રજનન સ્વાસ્થ્યને કેન્દ્ર સ્થાને રાખી યુવાઓના સ્વાસ્થ્ય અને વિકાસને લગતાં ચિંતનીય મુદ્દાઓ અને માપી શકાય તેવા માપદંડોને આગળ કરવાં. પરિણામોમાં યુવાઓ માટેના કાર્યક્રમો અને કાર્યઆયોજન સમાવિષ્ટ છે. (કાર્યઆયોજન રાજ્ય સરકાર તથા અન્ય જવાબદાર વ્યક્તિઓ સાથે)

**સંપર્ક સાધોઃ કમ્યુનીટી એઈડ્ એન્ડ સ્પોન્સરશીપ પ્રોગ્રામ (સી.એ.એસ.પી.)**
૬૬, તુઘલકાબાદ ઈન્સ્ટીટ્યૂટશનલ એરિયા, નવી દિલ્હી-૧૧૦૦૬૨.
ટેલિ.: ૦૯૧-૧૧૬૦૮૯૪૮૯
E-mail : youthhealthconsubtionsOrediffmail.com

## ઇન્ડોનેશિયા

ડૉ. યાકીન એરતુંકે રાષ્ટ્રીય સંયુક્ત સંઘના 'મહિલા વિરુદ્ધ હિંસા' ઈન્ડોનેશિયાના, જાકાર્તામાં આયોજિત ચાર દિવસીય જ્ઞાનગોષ્ઠિમાં ૧૮ અલગ-અલગ દેશોની મહિલાઓ ઉપસ્થિત રહી. એશિયા પેસિફિક ફોરમ ઓન વિમેન, લો એન્ડ ડેવલપમેન્ટ (એ.પી.ડબલ્યૂ.એલ.ડી.) ફોરમ એશિયા અને કોમનાસ પેરેમ્પુઆન (ધ ઈન્ડોનેશિયન નેશનલ કમીશન ઓન વીમેન્સ અગેઈન્સ વુમન) દ્વારા આયોજિત આ જ્ઞાનગોષ્ઠિ વિશેષપણે મહિલાઓની ન્યાય સુધીની પહોંચના સંદર્ભમાં જાતીયતા અને મહિલાઓ વિરુદ્ધ હિંસાના મુદ્દાઓ કેન્દ્રિત હતા. આ જ્ઞાનગોષ્ઠિમાં વિશેષરૂપથી સંયુક્ત રાષ્ટ્રસંઘની વિશિષ્ટ ઘનિષ્ઠતા કેળવવાની પ્રક્રિયાઓ ઉપયોગમાં લેવામાં આવી હતી. આ જ્ઞાનગોષ્ઠિના અનુસંધાનમાં દેશભરના ઈન્ડોનેશિયાના જૂથો માટે મહિલા વિરુદ્ધ હિંસા વિષયક રાષ્ટ્રીય બેઠક યોજવામાં આવી. જ્યારે દેશમાં જુદા જુદા પ્રકારના વિગ્રહો ફાટી નીકળ્યાં હોય ત્યારે જાતિ-જાતિ વંશ-વંશ વચ્ચેના સંઘર્ષના સંદર્ભમાં મહિલા વરુદ્ધ હિંસાનું પ્રમાણ તથા દેશમાં ધાર્મિક તથા રાજકીય સિદ્ધાંતોનું કડક પાલનના વધી રહેલા પ્રમાણ તરફ ધ્યાન દોરવામાં આ જ્ઞાનગોષ્ઠિ વિશેષપણે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ 6. dzl.ut§.Cn. /એઈડ્સ અને તેનું જાતીયતા અને મહિલાઓ વિરુદ્ધ હિંસા મુદ્દાઓ સાથેના જોડાણ વિષયક વિશેષ સત્રનું આયોજન રાષ્ટ્રીય સંયુક્ત સંઘના વિશિષ્ટ રાપોટર્સના ઈ.સ. ૨૦૦૫માં મહિલા અધિકારો સંબંધિત કમીશનના અહેવાલને પુષ્ટિ આપવા માટે કરવામાં આવ્યું. 4 મહિલા વિરુદ્ધ હિંસા અને એચ.આઈ.વી./એઈડ્સ કેન્દ્રિત ah. આ બેઠકના પરિણામોનું એક પરિણામ એ મળ્યું કે વિશિષ્ટ એ દરખાસ્ત મૂકી 5 રાષ્ટ્રીય સંયુક્ત સંઘના માનવ અધિકારો આયોગ મંડળના અહેવાલ ઈ.સ. ૨૦૦૬માં 'ન્યાય સુધીની પહોંચ' વિષય પર કેન્દ્રિત ah.

**સંપર્ક સાધો : એ.પી.ડબલ્યૂ એલ.ડી.,** સંચિથમ, વાય.એમ.સી.એ. બિલ્ડીંગ, ત્રીજોમાળ, pi.૩૦૫-૩૦૮, ૧૧ સર્મશુક રોડ, સોઈ મેન્ગ્રીરશ્મી, ચાઈન્ગમાઈ-૫૦૩૦૦, થાઈલેન્ડ. ફોનઃ ૬૬૫૩૪૦૪૬૧૩. ફેક્સ : ૬૬૫૩૪૦૪૬૧૫. વેબસાઈટ : www.apwld.org

## પ્રાદેશિક

યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કમિશન ફોર એશિયા અને પેસિફિક (યુ.એન.ઈ.એસ.સી.એ.પી.) માટેની ઉચ્ચ સ્તરીય આંતર સરકારોની ૭-૧૦ સપ્ટેમ્બર, ૨૦૦૪ દરમિયાન આયોજાયેલ બેઠકમાં ૧૦૦ થી પણ વધુ મહિલા આંદોલનકારીઓએ બૈજિંગ ૧૯૯૫માં આયોજાયેલ મહિલાઓના વૈશ્વિક સંમેલનમાં સ્વીકારાયેલ, બૈજિંગ જાહેરનામા અને કાર્યનીતિ, પ્રાદેશિક અમલીકરણ અને યુ.એન.ઈ.એસ.સી.એ.પી. ક્ષેત્રની સામાન્ય સભાના ૨૩મા સત્રના પરિણામોના મૂલ્યાંકન અર્થે એકત્રિત થઈ હતી. માર્ચમાં થયેલ નિષ્ણાતોની બેઠકની રૂપરેખા જોતા નિષ્ણાંતોની બેઠક દરમિયાન નીકળી આવેલ ઉભરતાં મુદ્દાઓની ચર્ચા વિચારણા હેતુ ઉચ્ચસ્તરીય આંતર સરકારી બેઠક 4 સામૂહિક સત્રો, ૨ જૂથો અને બે સમાંતરસત્રોમાં વહેંચવામાં આવી. તમામ દેશોના પ્રતિનિધિ મંડળોના વડાઓએ બી.પી.એફ.એ.ના ૧૨ મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર સંબંધિત મુદ્દાઓને લગતી સિદ્ધિઓ, ઉણપો અને પડકારો તથા તેના અનુગમન માટેના પગલાં તથા પહેલ કરવાના મુદ્દાઓને પ્રસ્તુત કર્યા, આ ચાર દિવસીય બેઠકનું સમાપન દેશ આધારિત અહેવાલ અને જૂથ ચર્ચાઓ આધારિત બેઠકના અહેવાલ બનાવીને કરવામાં આવ્યું. જેમાં **બેંગકોકનું સરકારીપત્રક** સમાવિષ્ટ છે S 4 છેલ્લા ૧૦ વર્ષમાં થયેલ ફાયદાઓ પ્રદર્શિત કરે છે, ઉણપોને ઓળખે છે અને તેમના પ્રદેશ માટેના પડકારોને પણ ઓળખે છે.

સરકારીપત્રક, એક સંક્ષિપ્ત સમાધાનકારી અહેવાલ મહિલાઓની રાષ્ટ્રીય સંગઠિત વ્યવસ્થા/માળખાગત તંત્રની રાષ્ટ્રીય આયોજન અને નીતિ નિર્માણ પ્રક્રિયામાં ઉત્પ્રેરક ભૂમિકા ભજવવાની કમજોરીને ઉદાહરણસહિત અશક્ત હોવાની વાતને સમર્થન આપે છે. જેમ કે, - નીતિઓનો સ્થળાંતરિત મહિલાઓના માનવ અધિકારોના રક્ષણ હેતુ કાયદાઓ અને કાર્યક્રમોનો અભાવ, પ્રજનન સ્વાસ્થ્યને લગતી જાણકારી અને સેવાઓનો અભાવ, વિશેષરૂપે યુવાઓ અને કિશોરીઓની સંભાળનો અભાવ તથા માણસોની કાયદેસર અપહરણ/વિક્રયને નિર્મૂળ કરવા માટેની પહેલ કરવા માટે પ્રાદેશિક સહકાર અને

ભાગીદારીનો અભાવ, એચ.આઈ.વી./એઈડ્સ તથા સ્થળાંતરિત મહિલાઓના રક્ષણ અને વૈશ્વિક બજાર તંત્રને ઉત્તેજન આપવું.

એચ.એલ.એમ.નું પરિણામ વૈશ્વિક મૂલ્યાંકનમાં પ્રાદેશિક સમર્થનકારી/પુષ્ટિદાયી રહેશે તથા બી.પી.એફ.એ.ના અમલીકરણનું મૂલ્યાંકન દ્વારા રાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્રસંઘ તેના માર્ચમાં થનાર ૪૯ માં સત્રમા મહિલાઓનો દરજ્જો તરીકે ચર્ચાશે.

**સપર્ક સાધોઃ યુ.એન.ઈ.એસ.સી.એ.પી.** ધ યુનાઈટેડ નેશનલ્સ બિલ્ડીંગ, રેજાડેમ્નર્ન નોક એવન્યુ, બેંગકોક-૧૦૨૦૦, થાઈલેન્ડ ટેલિફોન : ૬૬૨૨૮૮૧૨૩૪. ફેક્સ : ૬૬૨૨૨૮૮ ૧૦૦૦ વેબ સાઈટ : www.unescap.org

## પ્રાદેશિક

આંતરરાષ્ટ્રીય આયોજિત માતૃ-પિતૃત્વ સંઘ (ઈન્ટરનેશનલ પ્લાન્ડ પેરેન્ટહુડ ફેડરેશન) આઈ.પી.પી.એફ. દ્વારા આઈ.સી.પી.ડી.+૧૦ બે પ્રાદેશિક ગોળમેજ બેઠકો કુઆલાલમ્પુર અને નેપાળમાં અનુક્રમે ૨૩-૨૫ જુલાઈ, ૨૦૦૪ $4 ૪-૬ ઓગસ્ટ, ૨૦૦૪ દરમિયાન યોજાઈ. આ બેઠકોનો મુખ્ય હેતુ પ્રાદેશિક દષ્ટિકોણ પૂરું પાડવાનો અને આઈ.સી.પી.ડી. કાર્યયોજનાએ ૧૦ વર્ષ સુધીમાં સાધેલ પ્રગતિનો મૂલ્યાંકન કરવાનો હતો. આ બેઠકોના સહભાગીઓ વિવિધ જૂથોમાંના સભ્યો જેવા 5 - વ્યવસાયીઓ, સક્રિય કાર્યકરો, આંદોલનકારીઓ, રાજનેતાઓ, યુ.એન.એફ.પી.એ., એરો જેવી સ્વાસ્થ્ય સંબંધિત સ્વૈચ્છિક સંસ્થાઓ તથા પ્રદેશ સ્થિત રાષ્ટ્રીય કુટુંબ નિયોજન સંગઠનો હતાં. કુઆલાલમ્પુરની પૂર્વ અને દક્ષિણપૂર્વ એશિયા તથા એશિયાનીયા પ્રદેશમાં યોજાયેલ બેઠકમાં ચર્ચાયેલ મુખ્ય વિષયો હતાં. જનસંખ્યા, ગરીબી અને પ્રાદેશિક જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય અને અધિકારો તથા સર્વેના જાતીય તથા પ્રજનન સ્વાસ્થ્ય માટેની હિમાયત નેપાળમાં યોજાયેલ દક્ષિણ એશિયાની ગોળમેજ બેઠકમાં ચર્ચાયેલ વિષયો હતા. - નૂતન શતાબ્દીમાં આઈ.સી.પી.ડી., પ્રજનન અધિકારોનું રક્ષણ કરવું, આઈ.સી.પી.ડી.ના ધ્યેયોની હિમાયત, આઈ.સી.પી.ડી.ના ધ્યેયોને સર કરવા માટે સંસાધનો લગાડવાં, સામાજિક લિંગભેદ આધારિત હિંસા તથા ચાલી આવતાં તથા નવા સ્વાસ્થ્યને લગતાં પડકારોને સંબોધવા. આવી પ્રાદેશિક બેઠકોનો ધ્યેય લંડનમાં ૨૮-૩૦ સપ્ટેમ્બર, ૨૦૦૪ માં યોજાયેલ વિશ્વ ગોળમેજ બેઠકમાં મહત્ત્વપૂર્ણ યોગદાન/પુષ્ટિ આપવાનો પણ હતો. બેય ગોળમેજ બેઠકોમાં કાર્યયોજનાઓ બનાવવામાં આવી, તેમાં પણ યુવાઓ માટે વિશિષ્ટ કાર્યયોજના બનાવવામાં આવી.

**સંપર્ક સાધોઃ આઈ.પી.પી.એફ.** ૨૪૬ જાલન એમ્પન્ગ, ૫૦૪૫૦, કુઆલાલમ્પુર ટેલિ : ૬૦૩૪૨૫૬૬૧૨૨. ફેક્સ : ૬૦૩૪૨૫૬૬૩૮૬. વેબસાઈટ : www.ippf.org

## આંતરરાષ્ટ્રીય

આઈ.સી.પી.ડી.ના ૧૦મા વાર્ષિક દિનની ઉજવણીના સૂચકરૂપે ૨૦૧૫ પહેલવીરો (આંતરરાષ્ટ્રીય આયોજિત માતૃ-પિતૃત્વ સંઘ-ઈન્ટરનેશનલ પ્લાન્ડ પેરેન્ટ હુડ ફેડરેશન-આઈ.પી.પી.એફ. દ્વારા સ્વયંસેવી સંસ્થાઓનું હંગામી સંગઠન, પોપ્યુલેશન એક્શન, ઈન્ટરનેશલ (પી.એ.આઈ.) તથા ફેમિલી કેર ઈન્ટરનેશનલ દ્વારા લંડન ખાતે ૩૧ ઓગષ્ટથી ૨ સપ્ટેમ્બર, ૨૦૦૪ દરમિયાન વૈશ્વિક ગોળમેજ બેઠકનું આયોજન કરવામાં આવ્યું. આ બેઠકમાં લગભગ ૧૦૯ દેશોના ૭૦૦ જેટલાં આંદોલનકારીઓ, યુવાઓ, ક્ષેત્ર વિશેષજ્ઞો, દાતાઓ તથા સાંસદસભ્યોને આઈ.સી.પી.ડી.ની કાર્યયોજના અમલીકરણની પ્રગતિનું મૂલ્યાંકન કરવા માટે આમંત્રિત કરવામાં આવ્યાં. આ બેઠકને પ્રાતઃકાલીન જૂથ ચર્ચા તથા ૧૦ વિષયો - ગર્ભપાત, પડકારો, એચ.આઈ.વી./એઈડ્સ, માનવ અધિકારો, માતૃસ્વાસ્થ્ય, ગરીબી નાબૂદી, સંસાધનો, જાતીયતા, યુવાઓ અને મહિલા અધિકારો પર ત્રણ દિવસીય કાર્યયોજના નિર્માણ સત્રમાં વિભાજીત કરવામાં આવી. આમાં પ્રતિભાશાળી વક્તાઓમાંના સોનિયા કોરિયા, મહેમૂદ ફથાલા, ફ્રોન્સીઝ કીસલિંગ તથા એ.એસ.ટી.આર.એ. તથા ડૉન વગેરે મોવડી મંડળ (નિર્ણાયક સમિતિ) તથા "મહિલા અધિકારો, માનવ અધિકારો છે" કાર્યયોજના સત્રના કન્વીનરો કે જેઓનું ધ્યેય - આઈ.સી.પી.ડી.ને માનવ અધિકારોના માળખામાં સમાવિષ્ટ કરવાનો છે તથા શરીર અખંડિતતા, જાતીય સ્વાયત્તતા તથા દુનિયાભરની મહિલાઓની હિંસાથી મુક્તિ જેવા મહિલા અધિકારોને આગળ લાવવાની પ્રગતિનું મૂલ્યાંકન કરે છે. આ કાર્યશાળાનો ઈરાદો એ પણ હતો કે વર્તમાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નીતિ, સંસાધન એકત્રીકરણ અને એસ.આર. એચ.આર. અને વિકાસને લગતી સ્વૈચ્છિક પ્રવૃત્તિમાં મહિલા અધિકારોની કાર્યસૂચિનો દરજ્જો જેવી મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ઊઠાવવા માટે જરૂરી અવકાશ પ્રદાન કરવો. છેલ્લા દશકમાં જાતીય તથા પ્રજનન સ્વાસ્થ્ય અને અધિકારો ક્ષેત્રે વિશ્વભરમાં મહત્ત્વપૂર્ણ પ્રગતિ સધાઈ છે. તેમ છતાંય વિશ્વ ગોળમેજ બેઠક દર્શાવે છે કે હજુ મહિલા જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય અને સેવાઓમાં સુધારણા, શિક્ષણ અને અધિકારો અને વિશેષ કરીને વિકાસશીલ દેશોમાં માતામૃત્યુ દર નીચો લાવવાનો ધ્યેય કે જેની પ્રાપ્તિ ઈ.સ. ૨૦૧૫ સુધીમાં કરવાની છે, તે પહેલાં હજુ લાંબો રસ્તો કાપવાની જરૂર છે. અર્થાત્ ઘણું બધું કરવાનું બાકી છે. વિશ્વ ગોળમેજ બેઠકની પ્રારંભિક તૈયારીરૂપ ૩૦મી ઓગષ્ટે યોજાયેલ ૧ દિવસીય યુવા બેઠકમાં લગભગ ૫૬ દેશોના ૧૦૦ યુવાનો જાતીય અને પ્રજનન સ્વાસ્થ્યના સંદર્ભમાં યુવા નાગરિકત્વને જાણવા એકત્રિત થયાં હતાં.

**સંપર્ક સાધોઃ** કાઉન્ટડાઉન-૨૦૧૫ ઈ-મેઈલ : info@countdown2015.org વેબસાઈટ : www.countdown2015.org

## ક્લીયરીંગ હાઉસ ઓન ઇન્ફન્ટ ફીડીંગ એન્ડ મેટરનલ ન્યૂટ્રીશન ૧૯૯૬

*ક્લીયરીંગ હાઉસ ઓન ઈન્ફન્ટ ફીડીંગ એન્ડ મેટરનલ ન્યૂટ્રીશન (શિશુ આહાર અને માતાઓના પોષણ અંગેની જાણકારી એકત્રિત કરનાર તથા આપનાર સંસ્થા), વીમેન, રાઈટ્સ ટુ મેટરનીટી પ્રોટેક્શન: ઈન્ફરમેશન ફોર એક્શન વોશિંગ્ટન, ડી.સી. ધ ક્લીયરીંગ હાઉસ ઓન ઈન્ફન્ટ ફીડીંગ એન્ડ મેટરનલ ન્યૂટ્રીશન. ૮૫ પેજ.*



Graphic Source: WABA

આ સ્ત્રોત પુસ્તિકા લોકોને કદમ ઉઠાવવાનું પ્રેરકબળ પૂરું પાડવાના ઈરાદાથી બનાવવામાં આવી છે. આ પુસ્તકમાં કમાતી મહિલાઓ માટે માતૃસુરક્ષા વિષયક એવી જાણકારી આપવામાં આવી છે, જેને બધાં સમુદાયોમાં સહેલાઈથી લાગુ પાડી શકાય. જેનો ઉદ્દેશ્ય - મહિલા સમૂહો માતૃ સુરક્ષાને લગતા કાયદાઓની હિમાયત કરવામાં મદદરૂપ થવાનો, આપણા દેશના કાયદાઓનું પુનરાવલોકન કરવાનો તથા પોતાના કાર્યક્ષેત્રમાં આ કાયદા મુજબની જોગવાઈઓ પૂરી પાડવામાં આવે છે કે નહીં તેની સરખામણી કરવાનો છે.

આ પુસ્તક ચાર વિભાગોમાં વહેંચાયેલું છે.

**ભાગ-૧**માં માતૃત્વ સુરક્ષા માટે વર્તમાનમાં ઉપલબ્ધ જોગવાઈઓ અને સ્તનપાનને લગતાં મુદ્દાઓ ચર્ચવામાં આવેલ છે.

**ભાગ-૨**માં પરિસ્થિતિને સુધારવા માટેના ઉઠાવવા યોગ્ય સંભવિત પગલાંઓ અને દેખરેખ સંબંધી વિગત સમાવિષ્ટ છે. શું કરી શકાય અને કેવી રીતે વિષયક સંક્ષિપ્ત પરિચય આપ્યા બાદ કાયદા ઘડવા પર ભાર મૂકવામાં આવ્યો છે. (GEL. કાયદાકીય જાગૃતિ, તાલીમ અને કાયદામાં સુધારણા) મહિલાઓને સહકાર (બાળસંભાળ); હિમાયત (વ્યૂહાત્મક કાર્ય) અને કદમ ઊઠાવવામાં માટેનું કહેણ (દા.ત. સામૂહિક પહેલ/કાર્ય)

**ભાગ-3**માં દેશની જાણકારી કોષ્ટક રૂપે દર્શાવવામાં આવી છે જેમાં અન્ય જાણકારીની સાથે-સાથે દેશના માતૃત્વ સુરક્ષાને લગતો કાયદો સમાવિષ્ટ કરવામાં આવેલ છે. આ કાયદામાં માતૃત્વને લગતી રજાઓની મુદત, કાયદાનો સમયગાળો અને સીડોની મંજૂરી દર્શાવવામાં આવી છે.

**ભાગ-૪**માં ઉપયોગી સંદર્ભોની યાદીમાં મહિલાઓના મુદ્દાઓ પર કાર્યરત સંસ્થાઓ અને તેની પૂરી વિગત, સંદર્ભ તથા શૈક્ષણિક સામગ્રીનો સમાવેશ થાય છે. જે જેન્ડર અને વિકાસ, સ્તનપાન અને બાળસંભાળ, શ્રમ અથવા કાયદાકીય મુદ્દાઓ તથા હિમાયત અને સમ્પ્રેષણ તથા વૈશ્વિક વેબસાઈટ કે જેમાં આ સ્ત્રોત પુસ્તિકાના સંબોધાયેલ મુદ્દાઓ વિષયક માહિતી આપેલ છે. તેનો સમાવેશ કરવામાં આવેલ છે.

**સ્ત્રોતઃ** *અ) ધ ક્લીયરીંગ હાઉસ ઓન ઈન્ફન્ટ ફીડીંગ એન્ડ મેટરનલ ન્યૂટ્રીશન અમેરિકન પબ્લિક હેલ્થ એસોસિએશન, ૧૦૧૫. ફીફ્ટીન્થ સ્ટ્રીટ એન ડબલ્યૂ, વોશિંગ્ટન ડી.સી., ૨૦૦૦૫. યુ.એસ.એ.*

*બ) વર્લ્ડ એરલાઈયન્સ ફોર બ્રેસ્ટ ફીડીંગ એક્શન. (ડબલ્યૂ.એ.બી.એ.) પોસ્ટ બોક્સ ૧૨૦૦, ૧૦૮૫૦, પેનન્ગ, મલેશિયા.*

## કોમનવેલ્થ મેડિકલ એસોસિએશન (સી.એમ.એ.) ૧૯૯૬.

*ઈન્ટરનેશનલ રાઉન્ડટેબલ ઓન વુમન્સ રાઈટ ટુ હેલ્થ, ઈન્કલ્યુડીંગ સેક્યુઅલ એન્ડ રીપ્રોડક્ટીવ હેલ્થ રાઈટ, ૨૬-૨૯ સપ્ટેમ્બર, ૧૯૯૬, ટોરેન્ટો, કેનેડા (જાતીય તથા પ્રજનન અધિકારો સહિતના મહિલા અધિકારો પરની ગોળમેજ બેઠક). કોમનવેલ્થ મેડિકલ એસોસિએશન ઓન બીહાફ ઓફ એડવોકસી ફોર વુમન્સ હેલ્થ, લંડન દ્વારા આયોજિત ૩૭ પેજ.*


આ ગોળમેજ બેઠકના આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલા સાથે થતા તમામ પ્રકારના ભેદભાવને દૂર કરતી સમિતિ (સીડો)ના સભ્યોને, મહિલાઓ સાથે થતા તમામ પ્રકારના ભેદભાવોને કે જેની મહિલા સ્વાસ્થ્ય પર વિપરીત અસર પડે છે તે વિષયક ધારાનો ભંગ થતો શોધવામાં સહાયરૂપ થવા માટેનો રિપોર્ટ તૈયાર કરવાનો તથા સંબંધિત સ્વૈચ્છિક સંસ્થાઓને મહિલાઓના સ્વાસ્થ્ય સંબંધિત અધિકારોના હનન સામે આ ધારાનો ઉપયોગ કરવાનું માર્ગદર્શન આપવાનો છે. આ ગોળમેજ બેઠકમાં માનવ અધિકારો સંબંધિત નિષ્ણાતો, વ્યવસાયીઓ, વકીલો તેમજ સંયુક્ત રાષ્ટ્રસંઘની સંસ્થાઓના રસિક પ્રતિનિધિઓને કે જેઓ જાતીય તથા પ્રજનન સ્વાસ્થ્યને લગતાં ત્રણ વિશાળ ક્ષેત્રોમાં કાર્યરત છે જેવાં કે - કાર્ય કરી આર્થિક ઉપાર્જન કરતી તથા કાર્ય કરી અર્થોપાર્જન ન કરતી મહિલાઓની સ્વાસ્થ્ય જરૂરિયાતો તથા સમગ્ર જીવન તથા જીવનની અમુક પરિસ્થિતિઓમાં મહિલાઓની સ્વાસ્થ્ય જરૂરિયાતો વગેરે તેમને આમંત્રિત કરેલ. ધારાના આ ક્ષેત્રોમાં, અહેવાલની પ્રક્રિયા, આરક્ષણ સમિતિ સમક્ષની વિધિ, કાર્યભાર, સ્વૈચ્છિક સંસ્થાઓની ભાગીદારી, 'સીડો'ને અધિકારો હનન બાબતની ફરિયાદ કરવી તથા જાણકારી એકત્રિતકરણનો સમાવેશ થાય છે. આ ગોળમેજ બેઠકમાં સમિતિને મોકલેલ અહેવાલ પર આધારિત ભલામણો, મહિલાઓના સ્વાસ્થ્ય જાણવાના અધિકારોને રક્ષવા માટેના

કાયદાને સંબોધવા માટેના માપદંડો તથા સરકાર દ્વારા થતા ધારાભંગને સંબોધવામાં આવે છે. મહિલા સ્વાસ્થ્ય દરજ્જો, સ્વાસ્થ્ય સેવાઓની જોગવાઈઓ તથા સ્વાસ્થ્ય સંદર્ભમાં મહિલાઓના સશક્તિકરણને યાદીમાં સમાવિષ્ટ કરવાને પગલે મહિલાઓના સ્વાસ્થ્ય માણવાના અધિકારોને અપાતું ઉત્તેજન અને તેમાં આવતી અડચણોને પ્રસ્તુત કરવામાં આવી. સમગ્ર પુસ્તકમાં 'ઉત્તમ અભ્યાસ/વ્યવહાર'ના ઉદાહરણરૂપ કાર્યરત સંસ્થાઓ તથા કાર્યક્રમોને સમાવવામાં આવ્યાં છે. આ પુસ્તકના છેલ્લા ભાગમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્વાસ્થ્ય સ્તરના વ્યવસાયીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સ્વાસ્થ્ય વ્યવસાયીઓના સંગઠનોને અપાયેલ વ્યવહારુ સલાહ સમાવિષ્ટ છે. મહિલાઓ અને સ્વાસ્થ્ય સંસ્થાઓને આ ધારાના આધારે કાર્ય કરવા માટે આ પુસ્તક ખૂબ જ જાણકારીસભર છે.

સ્ત્રોતઃ *કોમનવેલ્થ મેડિકલ એસોસિએશન C/o. બ.એમ.એ. હાઉસ, ટી.વી. સ્ટોક સ્કવેર, લંડન ડબલ્યૂ સી ૧ એચ ૯ જે.પી. યુ.કે.*

**કૂક રિબેકા જે. ૧૯૯૪: વુમન્સ હેલ્થ એન્ડ હ્યુમન રાઈટ્સ**

*ધ પ્રમોશન એન્ડ પ્રોટેક્શન ઓફ વુમન્સ હેલ્થ થ્રૂ ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ લો. જીનીવા : ડબલ્યૂ.એચ.ઓ. ૬૨ પેજ.*



મહિલા સ્વાસ્થ્ય તથા માનવ અધિકારો : આંતરરાષ્ટ્રીય માનવ અધિકારોને સંબંધિત કાયદા દ્વારા મહિલા સ્વાસ્થ્યને ઉત્તેજન રક્ષણઃ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન.

આ પુસ્તિકા વાસ્તવમાં ઈ.સ. ૧૯૯૩માં યોજાયેલ માનવ અધિકારો પરના વિશ્વ સંમેલનમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના યોગદાન રૂપે તૈયાર કરવામાં આવેલ. જેથી તે આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કાયદાના દ્દષ્ટિકોણથી મહિલા સ્વાસ્થ્યના વિષય પર તૈયાર કરવામાં આવી છે. આ પુસ્તિકામાં ૬ પ્રકરણ સમાવિષ્ટ છે:

(૧) મહિલા સ્વાસ્થ્યને લગતાં આંતરરાષ્ટ્રીય માનવ અધિકારોનો વિકાસ.

(૨) મહિલા સ્વાસ્થ્યની વ્યાપક ઉપેક્ષા (શિશુઅવસ્થા, બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા તથા કાર્યસ્થળ પરની મહિલાઓના સ્વાસ્થ્ય સંબંધિત જોખમો, પ્રજનન સ્વાસ્થ્ય, મહિલાઓ વિરુદ્ધ હિંસા અન્ય સ્વાસ્થ્ય વિષયક ચિંતનીય મુદ્દાઓ પરનું વિહંગાવલોકન).

(૩) બે રાજ્યો વચ્ચેના સંધિ કરારોને કેટલી માન્યતા આપવામાં આવે છે અને તેનો કેટલો અમલ થાય છે તેનું મૂલ્યાંકન.

(૪) મહિલા સ્વાસ્થ્ય સુધારણા હેતુ આંતરરાષ્ટ્રીય માનવાધિકારો. (તમામ પ્રકારના ભેદભાવોથી મુક્તિ પામવાનો મહિલાઓનો અધિકારઃ જીવન, સ્વતંત્રતા અને સુરક્ષાનો અધિકાર, કૌટુંબિક અને ખાનગી જીવન જીવવાનો અધિકાર, જાણકારી પ્રાપ્ત કરવાનો તથા શિક્ષણ પામવાનો અધિકાર, સ્વસ્થ રહેવાનો અને સ્વાસ્થ્ય સેવા પ્રાપ્તિનો અધિકાર. મહિલા સક્ષમતાવર્ધનનો અધિકાર).

(૫) મહિલા સ્વાસ્થ્યની રક્ષા હેતુ માનવ અધિકારોનું માળખું. (આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને પ્રાદેશિક રક્ષણ)

(૬) નિષ્કર્ષ. લેખકનું સૂચન છે કે, તમામ સ્તરે મહિલાઓના સ્વાસ્થ્ય દરજ્જાની ઝીણવટભરી તપાસ અને તંદુરસ્ત વિકાસ માટે પ્રયત્નો કરવાં જોઈએ.

માનવ અધિકારના કાયદા બાબતે સ્વાસ્થ્ય વ્યવસાયીઓને શિક્ષણ તથા માનવ અધિકાર પરનું શિક્ષણ કે જે સ્વાસ્થ્ય વિષયક જાણકારી કેવી રીતે મેળવવી તેનું પૃથ્થકરણ કેવી રીતે કરવું તથા કાયદાની રીતે મહત્ત્વપૂર્ણ એવા મુદ્દાઓને કેવી રીતે તારવવાં વગેરે સહિતના ભિન્ન ભિન્ન પ્રકારના સાધનો મહિલા સ્વાસ્થ્ય વિકાસ માટે વાપરવાં જોઈએ. મહિલા સ્વાસ્થ્ય ઉત્તેજન તથા મહિલા સ્વાસ્થ્ય સુરક્ષાના સિદ્ધાંતોનું અમલીકરણ દ્વારા સ્વાસ્થ્ય દરજ્જાને લગતાં પરિબળો, સ્વાસ્થ્ય સેવાઓને લગતાં પરિબળો તથા મહિલા સ્વાસ્થ્ય અને સુખાકારીને પ્રભાવિત કરતી પરિસ્થિતિઓને સંબોધી શકાય. આ સિદ્ધાંતોના આધારે કાયદાકીય ઉત્તેજન તથા મહિલા સ્વાસ્થ્ય સુરક્ષાને લગતી વિશિષ્ટ માર્ગદર્શિકા વિકસિત કરી શકાય.

સ્ત્રોતઃ *વિતરણ અને વેચાણઃ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનઃ ૧૨૧૧ જીનીવા, ૨૭, સ્વીટ્ઝરલેન્ડ.*

**કોરિયા, સોનિયા, પેચેસ્કી, રોઝાલિન્ડ-૧૯૯૪**

*"રીપ્રોડક્ટીવ એન્ડ સેક્સ્યુઅલ રાઈટ્સ : અ ફેમીનીસ્ટ પરસ્પેક્ટીવ", ઈન સેન ગીતા: જર્મન, એડ્રીએન, ચેન, લીનકોલી સી (એડ્સ) પ્રજનન અને જાતીયતાનો અધિકાર: નારીવાદી દૃષ્ટિકોણ) પોપ્યુલેશન પોલિસીઝ રીકન્સીડર્ડ : હેલ્થ, એમ્પાવરમેન્ટ એન્ડ રાઈટ્સ. (વસ્તીનીતિ પર પુનઃ ચર્ચા વિચારણા: આરોગ્ય, સક્ષમતા અને અધિકારો). બોસ્ટન: હાવર્ડ યુનિવર્સિટી પ્રેસ. પેજ ૧૦૭-૧૨૩.*



Graphic Source: .Not Available

આ લેખ પાછળનો ઉદ્દેશ્ય શક્તિ અને સંસાધનોના રૂપમાં પ્રજનન અને જાતીય અધિકારનું ક્ષેત્ર પરિભાષિત કરવાનો છે એટલે કે ફળદ્રુપતા (પ્રજનનતા), બાળજન્મ, બાળઉછેર, સ્ત્રી શરીર સ્વાસ્થ્ય તથા જાતીય પ્રવૃત્તિઓ બાબતે મહિલાઓની પોતાની જાતે, ફળદ્રુપતા બાબતે લેવાયેલ નિર્ણયો લેવાની શક્તિ તથા આવાં નિર્ણયો સુરક્ષિતપણે અને અસરકારક રીતે લેવા માટે તૈયાર કરાયેલ સંસાધનોને પરિભાષિત કરવાનો છે.

મહિલાઓનો બાળકો, જીવનસાથી, પરિવાર તથા સમુદાય સાથેનો સંબંધની જ્ઞાનમીમાંસા તથા ઐતિહાસિક વિચારધારાનું મૂલ્યાંકન કરતાં લેખક કેટલાંક મૂળભૂત સમસ્યાઓ કે જે પ્રજનન અને જાતીય અધિકાર ચર્ચાના સંદર્ભમાં ઉપસ્થિત થાય છે તેને સંબોધે છે. જેમ કે, વ્યક્તિગત પૂર્વાગ્રહો અને વૈશ્વિક ધારણા. તેઓ પ્રજનન અને જાતીય અધિકારોની નૈતિક બાબતોનું મૂલ્યાંકન, આવાં વિચારધારાઓનું શરીર સાકલ્ય, વ્યક્તિત્વપણું, સમાનતા તથા વિવિધતાને પરિભાષિત કરીને તથા તેઓને પૃથ્થકરણ દ્વારા દર્શાવીને કે જ્યાં સુધી સંસાધનો અને સત્તાની અસમાન વહેંચણી થાય છે ત્યાં સુધી અધિકાર સંબંધિત વ્યક્તિગત અને સામાજિક દૃષ્ટિકોણને અલગ કરી શકાય નહીં. તેઓ દલીલ કરે છે કે અધિકાર સંબંધિત વિવરણ/પ્રવચનોને છોડવા કરતાં તેની પર પુનઃ વિચારણા કરવી જોઈએ. જેથી તેમાં વિશિષ્ટ રીતે જેન્ડર, વર્ગ, સાંસ્કૃતિક અને અન્ય ભેદભાવોનો ઉલ્લેખ થાય અને સાથે-સાથે પ્રજનન અધિકારોને વ્યક્તિગત 'સ્વતંત્રતાઓ' તથા 'પસંદગીઓ' તરીકે સમજવામાં આવે છે. જે ખોટું છે. ખાસ કરીને તેમની માટે કે જે અતિગરીબ મતાધિકાર વગરના માણસો છે. વળી તેમને પ્રયત્નો કરવા છતાં આવાં અધિકારો મળતાં નથી. આવી પરિસ્થિતિમાં સામાજિક અધિકારોની જરૂર હોય છે. જેમાં સામાજિક સુખાકારી, વ્યક્તિગત સુરક્ષા તથા રાજનૈતિક સ્વતંત્રતાનો સમાવેશ થાય છે.

*સ્ત્રોત: અ. હાર્વડ સેન્ટર ફોર પોપ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ સ્ટડીઝ, ૯ બોસ્ટ્રીટ, કેમ્બ્રિજ, 44.4. ૦૨૧૩૯, યુ.એસ.એ.*

*બ. ઈન્ટરનેશનલ વુમન્સ હેલ્થ કોઅલિશન (આઈ.ડબલ્યૂ.એચ.સી.) ૨૪, ઈસ્ટ, ૨૧ સ્ટ્રીટ, ન્યૂયોર્ક એન. વાય. ૧૦૦૧૦. યુ.એસ.એ.*

**ફ્રીડમેન લીન પી. ૧૯૯૫ "રીફ્લેક્શન ઓન ઈમરજીંગ ફ્રેમવર્ક ઓફ હેલ્થ એન્ડ હ્યુમન રાઈટ્સ"** *હેલ્થ એન્ડ હ્યુમન*



Graphic Source:CHETNA

(સ્વાસ્થ્ય અને માનવાધિકારો પરના ઉભરતા માળખાં વિષયક પ્રતિક્રિયાઓ, સ્વાસ્થ્ય તથા માનવ-અધિકારો વોલ્યુમ.)

આ લેખમાં જનસ્વાસ્થ્ય મૂલ્યાંકનના માપદંડોને (મહામારી શાસ્ત્ર અને જનસંખ્યા) કેવી રીતે એવાં સિદ્ધાંતો વિકસિત કરવામાં લાગુ કરી શકાય 6. જેથી સ્વાસ્થ્ય અધિકારને માનવ અધિકારના માળખામાં સ્થાન આપી શકાય. તે વિષયક ચર્ચા કરવામાં આવી 6. આ માપદંડો સ્વાસ્થ્યના મુદ્દાઓને સામાજિકપણે નિર્મિત માનવ અધિકારો તરીકે ઓળખવામાં તથા વર્ણવવામાં સહાયરૂપ થાય 6. ઉભરતા નવા સિદ્ધાંતોની સાથે-સાથે એવી અસરકારક હિમાયતની રણનીતિઓ વિકસિત 511 શકાય કે જે ખાસ કરીને મહિલાઓના પ્રજનન સ્વાસ્થ્ય અને પ્રજનન અધિકારો પર કેન્દ્રિત હોય. જનસ્વાસ્થ્ય સંશોધન 5 3 4 વૈજ્ઞાનિક તપાસ તરીકે વારંવાર પ્રસ્તુત કરવામાં આવતું હોવા છતાં 21 હકીકતમાં સિદ્ધાંતોથી લદાયેલું છે અને તેથી વડીલો દ્વારા ઉચ્ચ રાજનૈતિક પ્રયત્નો, મહિલા સ્વાસ્થ્ય અને વ્યાપક સામાજિક, આર્થિક અને રાજનૈતિક પરિસ્થિતિઓ કે જેમાં મહિલાઓ જીવે છે તેની પર પ્રકાશ પાડવા માટે થવો જોઈએ. આથી જરૂરી છે કે જનસ્વાસ્થ્યને સ્વાસ્થ્ય અને બીમારીને માત્ર માનવ શરીરની જૈવિક તંત્રના કાર્યરૂપે જ ન સમજે પણ વસ્તીની સ્વાસ્થ્ય પ્રણાલીઓ તરીકે જુએ. આ રીતે આવા સંશોધનો મહિલા સ્વાસ્થ્ય અધિકારોના ગતિશીલ ક્ષેત્રોમાં તથા ક્રિયાશીલતા બાબતમાં જાણકારી આપી શકે. તે માત્ર આપણને એ સમજવામાં મદદરૂપ નથી થતું 5 કેવી રીતે સ્વાસ્થ્ય ઘટક સમાજોપાર્જિત છે પરંતુ માનવ અધિકારોના ઘટકમાં સ્વાસ્થ્ય કેવી 1121 સમાવિષ્ટ છે તે પણ સમજાવે 6. આ લેખ સ્વાસ્થ્ય અને માનવ અધિકારોના સંયોજનની ભલામણ કરે છે. મહિલાઓને તેઓ જે સમુદાયોમાં જીવે છે તેના જવાબદાર અને મહત્ત્વપૂર્ણ સભ્યો તરીકે નિહાળાય.

ભલામણોમાં સૂચિત અભિગમ એવું સામાજિક માળખું અને સાંસ્કૃતિક ગોઠવણી ઈચ્છે છે. જેમાં મહિલાઓ પ્રતિષ્ઠિત અને સ્વતંત્ર વ્યક્તિના

રૂપમાં ઓળખાય. આ રીતે એ સામાજિક સંદર્ભમાં એમના સ્વાસ્થ્ય અને કલ્યાણને ઉત્તેજન અપાશે.

*સ્ત્રોતઃ લીન પી ફ્રીડમેન, કોલંબિયા યુનિવર્સિટી, ૬૦, હેવન એવન્યુ, બી-૩, ન્યૂયોર્ક-૧૦૦૩૨, યુ.એસ.એ.*

**ઇન્ટરનેશલ વીમેન રાઈટ્સ એક્શન વોચ.**
**(આઈ.ડબલ્યૂ.આ.ર.એ.ડબલ્યૂ), કોમનવેલ્થ સેક્રેટિએટ.**

**વીમેન એન્ડ યુથ અફેર્સ ડીવીઝન, ૧૯૯૬.**

*"એસસીંગ 4 સ્ટેટસ ઓફ વીમેન" : અ ગાઈડ ટુ રીપોર્ટીંગ dsi?4 કન્વેન્શન ઓન 4 એલીમીનેશન ઓફ ઓલ ફોર્મસ ઓફ ડીસ્ટ્રીમીનેશન અગેઈન્સ્ટ વીમેન. (મહિલાઓના દરજ્જાનું મૂલ્યાંકનઃ મહિલાઓ સાથે થતા તમામ પ્રકારના ભેદભાવોને દૂર કરવા વિષયક ધારા અંતર્ગત અહેવાલ તૈયાર કરવાનું માર્ગદર્શન). દ્વિતીય આવૃત્તિ. મીનેપોલિસઃ આઈ.ડબલ્યૂ.આર.એ. લંડન, કોમનવેલ્થ સેક્રેટિએટ, ૮૯ પેજ.*



આ પુસ્તક મહિલાઓ સાથે થતા તમામ પ્રકારના ભેદભાવ નાબૂદીના અમલીકરણ પરની દેખરેખ કરવાના માળખાં તરીકે તૈયાર કરવામાં આવ્યું છે. જેનો ઉદ્દેશ્ય વ્યક્તિઓ, મહિલાઓના માનવ અધિકારો તથા અન્ય સમૂહોને મદદરૂપ થવાનો તથા સ્વૈચ્છિક સંસ્થાઓને મહિલાઓના દરજ્જાનું મૂલ્યાંકન કરવામાં તથા દેશો કે જેમણે આ ધારાને બહાલી આપી છે. તેના અમલની વ્યાપકતા નિશ્ચિત કરવામાં સહાયરૂપ થવાનો છે. આ પુસ્તકમાં નીચે મુજબનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

૧. ધારાના અમલ દેખરેખ તથા અહેવાલ માટે. ૨. અહેવાલ પ્રસ્તુતિ સમયે કાયદેસરનો અને વાસ્તવિક મહિલાઓનો દરજ્જો આ પુસ્તકના ૮ ભાગમાં વહેંચાયેલું છે. જેમ કે -

(૧) પ્રસ્તાવના

(૨) સામૂહિક વિચારણાના લેખ બાબતનું વિવરણ

(૩) સામૂહિક વિચારણા

(૪) રાજ્યના અહેવાલના શરૂઆતના ભાગ માટે સુદઢ માર્ગદર્શન.

(૫) રાજ્યના જૂથોના શરૂઆતના અહેવાલના વિષયો તથા ફોર્મ માટે સમિતિનું માર્ગદર્શન.

(૬) દ્વિતીય dell અનુગામી સમયગાળાના અહેવાલો તૈયાર કરવા બાબતનું સમિતિનું માર્ગદર્શન.

(૭) સમિતિ દ્વારા સ્વીકૃત સામાન્ય ભલામણો.

(૮) મહિલાઓ વિરુદ્ધ હિંસાની નાબૂદી વિષયક જાહેરનામું.

આ સામૂહિક વિચારણામાં (ધારા)માં મહિલાઓ સાથે થતા ભેદભાવોની વ્યાખ્યા, ભેદભાવો દૂર કરવાનું કરારનામું, મહિલાઓના વિકાસ અને પ્રગતિ, મહિલાઓ અને પુરુષો વચ્ચેની સમાનતાને વેગ આપવો, લિંગ આધારિત ચીલાચાલુ ભૂમિકા, મહિલાઓ પરનું દબાણ અને તેમનું શોષણ, રાજનૈતિક તથા જાહેર જીવન, આંતરરાષ્ટ્રીય પ્રસ્તુતિ અને ભાગીદારી, રાષ્ટ્રીયતા, શિક્ષણ, રોજગારી, સ્વાસ્થ્ય સંભાળ સેવાઓ સુધીની પહોંચ સામાજિક અને આર્થિક ફાયદાઓ, ગ્રામીણ મહિલાઓ, કાયદા તથા નાગરિકત્વમાં મહિલાઓની સમાનતા તથા લગ્ન અને પારિવારિક જીવન સંબંધી સમાનતા વિષયક લેખોનો સમાવેશ થાય છે. દરેક લેખની પાછળ સંક્ષિપ્ત ટિપ્પણી આપવામાં આવેલ છે. અંતે ઉત્તરદાયિત્વ તથા અમલીકરણ માટેના સવાલોની યાદી દેખરેખનાં પગલાં માટેના ઉપયોગી માપદંડ પૂરાં પાડે છે.

*સ્ત્રોતઃ ધ ઈન્ટરનેશનલ વુમન્સ રાઈટ્સ એક્શન વોચ. (આઈ.ડબલ્યૂ.આર.એ.ડબલ્યૂ.) હમ્ફ્રી ઈન્સ્ટીટ્યૂટ, યુનિવર્સિટી ઓફ મીત્રેસોતા, ૩૦૧-૧૯મું એવન્યું સાઉથ, મીત્રીઆપોલિસ, એમ.એન. ૫૫૪૫૫, યુ.એસ.એ.*

**અન્ય સ્ત્રોતોઃ**


- **કૂક રીબેકા જે** (એડીશન) ૧૯૯૪, *હ્યુમન રાઈટ્સ ઓફ વુમનઃ નેશનલ એન્ડ ઈન્ટરનેશનલ પરસ્પેક્ટીવ. ફીલાડેફીઆઃ યુનીવર્સિટી ઓફ પેન્સીલવાનીઆ પ્રેસ XIV ૬ ૩૪ પેજ.*

- **ફ્રાન્કોઈસ - ઝેવિયર, બેગ્નોઉડ સેન્ટર ફોર હેલ્થ એન્ડ હ્યુમન રાઈટ્સ (હાવર્ડ સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થ)** *હેલ્થ એન્ડ હ્યુમન રાઈટ્સઃ એન ઈન્ટરનેશનલ ક્વાર્ટરલી જનરલ,* કેમ્બ્રીજ એમ.એ. હાવર્ડ સ્કૂલ ઓફ પબ્લીક હેલ્થ.

- **હ્યુમન રાઈટ્સ વોચ વીમેન રાઈટ્સ પ્રોજેક્ટ,** ૧૯૯૫. *ધ હ્યુમન રાઈટ્સ વોચ ગ્લોબલ રીપોર્ટ ઓન વુમન્સ હ્યુમન રાઈટ્સ.* ન્યૂયોર્કઃ હ્યુમન રાઈટ્સ વોચ ૨૧, ૪૫૮ પેજ.

- **પીટર્સ, જુલી; વોલ્પર, એન્ડ્રીઆ** (અડીશનલ) ૧૯૯૫, *વુમન્સ રાઈટ્સઃ ઈન્ટરનેશનલ ફેમીનીસ્ટ પરસ્પેક્ટીવ,* ન્યૂયોર્ક, લંડન. રૂરલેજ, ૩૭૨ પેજ.

- **યુનાઈટેડ નેશન્સ** ૧૯૯૫. *ધ યુનાઈટેડ નેશન્સ એન્ડ હ્યુમન રાઈટ્સ.* ૧૯૪૫-૧૯૯૫. ન્યૂયોર્કઃ યુનાઈટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લીક ઈન્ફર્મેશન, ૫૩૬ પેજ.


Graphic Source: CHETNA

● **યુનાઈટેડ નેશન્સ:** ૧૯૯૬. *ધ યુનાઈટેડ નેશન્સ એન્ડ 4 એડવાન્સમેન્ટ આફ વીમેન: ૧૯૪૫-૧૯૯૬*. ન્યૂયોર્ક: યુનાઈટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ આફ પબ્લિક ઈન્ફર્મેશન. ૮૪૫ પેજ.

● **અમેરિકન એસોસિએશન ફોર ધ એડવાન્સમેન્ટ આફ સાયન્સ** (એ.એ.એ.એસ) *સાયન્સ એન્ડ હ્યુમન રાઈટ્સ. પ્રોગ્રામ:* ડીરેક્ટરી આફ હ્યુમન રાઈટ્સ રીસોર્સીઝ આન ધ ઈન્ટરનેટ. <http: // shr.aaas.org/dhr:htm>

● **વીમેન વોચ:** ધ ઈન્ટરનેટ ગેટ વે આન ધ એડવાન્સમેન્ટ એન્ડ એમ્પાવરમેન્ટ આફ વીમેન (અ જોઈન્ટ ઈનીશીએટીવ આફ ડીએડબલ્યૂ, યુનિફેમ ઈન્સ્ટ્રો. (આઈએનએસટીઆરડબલ્યૂ)

< http : //www.un.org/women watch watch/>

**એરોઝ પબ્લિકેશન**

● **એરો** ૧૯૯૭. *જેન્ડર એન્ડ વુમન્સ હેલ્થ: ઈન્ફરમેશન' પેકેજ નં. ૨. કુઆલાલમ્પુર: એરો વી.પી.*

*મૂલ્ય: યુ.એસ.એસ $ ૧૦,૦૦+યુ.એસ. $ ૩.૦૦ પોસ્ટલ ચાર્જીસ, પેમેન્ટ બેંક ડ્રાફ્ટ સ્વરૂપે સ્વીકારવામાં આવશે.*

● **એરો** ૧૯૯૬. *વીમેન સેન્ટર્ડ એન્ડ જેન્ડર સેન્સીટીવ એક્સપીરીયન્સ: ચેન્જીંગ અવર પરસ્પેક્ટીવ, પોલિસીઝ એન્ડ પ્રોગ્રામ્સ આન વુમન્સ હેલ્થ ઈન એશિયા એન્ડ ધ પેસીફીક, હેલ્થ રિસોર્સીઝ કીટ.* કુઆલાલમ્પુર. એરો વી.પી.

*મૂલ્ય: વધુ જાણકારી માટે એરોનો સંપર્ક સાધો.*

● **એરો,** ૧૯૯૪: *ટુવર્ડઝ વુમન સેન્ટર્ડ રીપ્રોડક્ટીવ વુમન: ઈન્ફર્મેશન પેકેજ નં. ૧* કુઆલાલમ્પુર: એરો. વી.પી.


*મૂલ્ય: યુએસ $ ૧૦.૦૦+યુ.એસ. $ ૩.૦૦ પોસ્ટલ ચાર્જીઝ. પેમેન્ટ બેન્ક ડ્રાફ્ટ સ્વરૂપે સ્વીકારવામાં આવશે.*


● **એરો,** ૧૯૯૪: *રીએપ્રાઈઝીંગ પોપ્યુલેશન પોલિસીઝ એન્ડ ફેમિલી પ્લાનીંગ પ્રોગ્રામ: એન એનોટેટેડ બીબ્લીઓગ્રાફી. કુઆલાલમ્પુર: એરો ૧૦૧ પેજ.*

*મૂલ્ય: યુ.એસ. $ ૫.૦૦ + યુ.એસ. $ ૩.૦૦ પોસ્ટલ ચાર્જીઝ, પેમેન્ટ બેન્ક ડ્રાફ્ટ સ્વરૂપે સ્વીકારવામાં આવશે.*

**એરો ડોક્યુમેન્ટેશન સેન્ટર સર્વિસ.**

જાણકારી મેળવવા માટે ફોન પર, લેખિતમાં (ટપાલ, ફેક્સ અથવા ઈ-મેલ દ્વારા) અથવા રૂબરૂ મુલાકાત આવકાર્ય રહેશે. કોઈપણ જાતની સેવા પ્રદાન કરવા બદલ ન્યૂનતમ કિંમત ચૂકવવાની રહેશે.



## મહિલાઓના માનવ અધિકારો

મહિલાઓ તથા છોકરીઓના માનવ અધિકારો એ સાર્વત્રિક માનવ અધિકારોના અન્યને આપી ન શકાય એવા, અતિ આવશ્યક અને અવિભાજ્ય અંગરૂપ છે. રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે મહિલાઓની નાગરિકતા, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં સંપૂર્ણ અને સમાન ભાગીદારી તથા જાતિ આધારિત તમામ ભેદભાવોની નાબૂદી એ આંતરરાષ્ટ્રીય સમુદાયના અગ્રતાક્રમના ઉદ્દેશ્યો છે.

**સંયુક્ત રાષ્ટ્ર સંઘઃ** ૧૯૯૪ (ભાગ-૧, ફકરો-૧૮) *માનવ અધિકારો સંબંધિત*

**વૈશ્વિક સંમેલન :** *વિયેના જાહેરનામું અને નક્કર કાર્યો માટેના કાર્યક્રમો.*

**યુનાઈટેડ નેશન્સ :** ૧૯૯૪ *(સિદ્ધાંત-૪ જનસંખ્યા અને વિકાસ પરનો આંતરરાષ્ટ્રીય પરિસંવાદ)*

## મહિલાઓના સ્વાસ્થ્ય અધિકારો

માનવ અધિકારો પરની વિશ્વ સ્તરીય જ્ઞાનગોષ્ઠિ, મહિલાઓના જીવનપર્યન્તના ઉચ્ચ સ્તરીય શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની સુખાકારીના મહત્ત્વને માન્યતા પ્રદાન કરે છે.

મહિલા અને પુરુષ સમાનતાના આધાર પર સ્વાસ્થ્ય સેવા/સંભાળ બાબતની મહિલાઓની પર્યાપ્ત પહોંચમાં વધારો તથા તમામ સ્તરે સમાન શૈક્ષણિક પહોંચને માન્યતા પ્રદાન કરે છે.

**સંયુક્ત રાષ્ટ્રસંઘ :** ૧૯૯૪ (ફકરો-૪૧) *મહિલાઓનો સમાન દરજ્જો અને માનવ અધિકારો.*

*વિયેના જાહેરનામું અને કાર્યયોજનાના કાર્યક્રમો.*

મહિલાઓને તેમના ઉચ્ચસ્તરીય શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્તિ માણવાનો અધિકાર છે. આ અધિકાર માણવો તે તેઓની જિંદગીની સફળતા, સુખાકારી તથા તેમની વ્યક્તિગત અને જાહેરજીવનના તમામ ક્ષેત્રમાં સહભાગી થવાની તેમની ક્ષમતા માટે જરૂરી છે.

સ્વાસ્થ્ય એ સંપૂર્ણ શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારીની સ્થિતિ છે નહીં કે માત્ર બીમારી કે કમજોરીની ગેરહાજરીની.

**સંયુક્ત રાષ્ટ્રસંઘ :** ૧૯૯૫ *(ફકરો-૮૯, મહિલા અને સ્વાસ્થ્ય) મહિલાઓ પરની ચોથી વૈશ્વિક જ્ઞાનગોષ્ઠિ)*

*બેજિંગ જાહેરનામું અને કાર્યયોજના માટેનું મંચ. (બેજીંગ ડીક્લેરેશન એન્ડ પ્લેટફોર્મ ફોર એક્શન).*

## મહિલા સાથે થતા ભેદભાવ

મહિલા સાથે થતા ભેદભાવ એટલે જાતિના આધાર પર તેની સાથે રખાતાં ભેદભાવ (તફાવતો, બહિષ્કાર અથવા તેમના પર લાદવામાં આવતી મનાઈઓ/બંધન કે જેનો પ્રભાવ અથવા ઉદ્દેશ્ય તેઓની ઓળખને નુકસાન પહોંચાડતો હોય અથવા કમજોર બનાવતો હોય. માનવ અધિકાર અંતર્ગત પુરુષ સ્ત્રી સમાનતાના આધારે વૈવાહિક દરજ્જાથી પર મહિલાઓ આનંદ પ્રાપ્ત કરતી હોય અથવા તે માટેના પ્રયાસો કરતી હોય. રાજનૈતિક, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, નાગરિકત્વ અથવા અન્ય કોઈ ક્ષેત્રમાં પાયાની સ્વતંત્રતા પ્રાપ્ત કરતી હોય.

**સંયુક્ત રાષ્ટ્ર સંઘ :** ૧૯૭૯ (લેખ-૧) *મહિલાઓ સાથેના તમામ પ્રકારના ભેદભાવો દૂર કરવા પરનું સંમેલન (કન્વેન્શન ઓન ધ એલીમીનેશન ઓફ ફોર્મસ ઓફ ડીસ્ક્રીમીનેશન અગેન્સ્ટ વીમેન).*

# મહિલા અધિકારો સંબંધિત સરકારી કરારનામું

માનવ અધિકારો સંબંધિત સાર્વત્રિક કરારનામું દર્શાવે 6 5, દરેકને, ખોરાક, કપડાં, રહેઠાણ, તબીબી સંભાળ તથા જરૂરી સામાજિક h a d સહિતનું એવું જીવન ધોરણ પ્રાપ્ત કરવાનો અધિકાર 6 5 જે તેના અને તેના પરિવારના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે પર્યાપ્ત હોય. આ જાહેરનામું વિશાળ અધિકારો 5, જે સ્ત્રીઓ સહિત દરેકને મળવાપાત્ર 6 તે દર્શાવતું હોવા છતાં અલગ કાનૂની તથા બંધનકર્તા દસ્તાવેજ જરૂરી 6 5 જેનાથી જાણી શકાય કે સામાજિક લિંગભેદની મહિલા સ્વાસ્થ્ય અને સુખાકારી પર શી વિપરીત અસર પડે 6 તથા મહિલાઓને તેમના અધિકારોના રક્ષણ માટેની બાંહેધરી આપી શકાય.

આમ, તમામ પ્રકારના મહિલા સાથે થતા ભેદભાવોના નાબૂદી ધારાને મોટેભાગે મહિલા ધારા તરીકે માનવામાં આવે છે. જે સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભામાં ઈ.સ. ૧૯૭૯માં સ્વીકારાયો અને ઈ.સ. ૧૯૮૧ થી અમલમાં મૂકવામાં આવ્યો. આ ધારાનો મુખ્ય સિદ્ધાંત દર્શાવે છે કે સરકાર, મહિલાઓ સાથે થતા તમામ પ્રકારના ભેદભાવ નાબૂદ કરવાને કરારબદ્ધ છે. આ વિસ્તૃતપણે લેખ ૧-૪માં કે જેમાં મહિલાઓને ભેદભાવથી પર સમાનતાના આધારે પ્રદાન કરાયેલ અધિકારોની વ્યાખ્યા અને માપદંડો સમાવિષ્ટ છે. લેખ ૫-૧૬માં આ માપદંડો દ્વારા સરકાર ક્યાં ક્યાં ક્ષેત્રોમાથી મહિલાઓ સાથે થતાં ભેદભાવોને દૂર કરવાને કરારબદ્ધ છે તે દર્શાવાયું છે. સ્વાસ્થ્ય સંદર્ભે સરકારો મહિલાઓને જાતીય તથા પ્રજનન સ્વાસ્થ્ય સહિતના અધિકારો તથા મહિલાઓની યોગ્ય સ્વાસ્થ્ય સંભાળ માટેની મહત્તમ સંસાધનોને કામ લગાડવા માટે કરારબદ્ધ છે. (લેખ-૧૨)

સરકાર આ ધારા પર હસ્તાક્ષર કરી એ સૂચવવા કહે છે કે તેઓ તેના વિષયો સહિતના સિદ્ધાંત સાથે સંમત 6. જ્યારે તેઓ 5 જે આ ધારાને બહાલી આપે 6 તેઓ તેમનાં લેખો સહિત મંજૂરી આપવાને કરારબદ્ધ છે. તેઓને આ ધારો સુરક્ષવાની પરવાનગી પણ આપવામાં આવે 6. સરકારો 5 જે આ ધારાને મંજૂરી/બહાલી આપે 6, તેઓએ મંજૂરી આપ્યા બાદ પહેલા વર્ષના અંતે તેનો પ્રગતિ અહેવાલ મહિલાઓ સામે થતાં તમામ પ્રકારના ભેદભાવોને દૂર કરતી સમિતિ, 3 ધારાને મંજૂર કરતી યુનાઈટેડ નેશન્સની દેશોની દેખરેખ રાખતું તંત્ર છે. ઈ.સ. ૧૯૯૭માં એશિયા પેસિફિક દેશોના ત્રણ દેશો - ફિલિપિન્સ, ઑસ્ટ્રેલિયા અને બાંગ્લાદેશે તેઓનો ચોથો નિયત સમયગાળાનો દેશનો અહેવાલ આપ્યો. જ્યારે ઈન્ડોનેશિયા આ અહેવાલ ઈ.સ. ૧૯૯૮માં આપશે. સ્વૈચ્છિક સંસ્થાઓ સીડોની દેખરેખ પ્રક્રિયાઓમાં ભાગ લઈ શકે 8 તેમજ પોતાના વ્યક્તિગત અધ્યયન હેતુસર આવા અહેવાલોની નકલ મેળવી શકે 6.

અત્યાર સુધીમાં વિશ્વના ૧૬૦ દેશોએ આ ધારાને સમંતિ આપી છે. નૈરોબીની મહિલાઓને આગળ લાવવાની દૂરદર્શી રણનીતિઓને લગતું સંમેલન ઈ.સ. ૧૯૮૫માં ભરાયું ત્યારે એશિયા-પેસીફિક ક્ષેત્રના માત્ર ૫ દેશોએ આ ધારાને સંમતિ આપી હતી. ઈ.સ. ૧૯૯૪માં યોજાયેલ એશિયા-પેસીફિકની ના પ્રાદેશિક સંમેલનમાં ૧૮ દેશોએ આ ધારાને સંમતિ આપી હતી. બૈજિંગ સંમેલન પછી ૩૬માંથી ૨૫ એશિયા-પેસિફિક દેશોએ આ ધારાને બહાલી આપી. બાકીના દેશોએ આ ધારા પર હજુ પણ સહી કરેલ નથી. (જુઓ કોષ્ટક-૧)

**કોસ્ટક-૧ : એશિયા-પેસિફિક સરકારો કે જેમણે મહિલા ધારા (૧૯૯૭) પર સહી કરી નથી/બહાલી આપી નથી.**

| | |
|---|---|
| બ્રુનેલ દરુસ્સલામ | ન્યૂ કેલેડોનીયા |
| કુક આઈલેન્ડ | પલાઉ |
| ડી.પી.આર., કોરિયા | રેપ. માર્શલ આઈલેન્ડ |
| કીરીબાટી | સોલોમન આઈલેન્ડ |
| મ્યાનમાર | ટોન્ગા |
| નૌરુ | ટુવલુ |

*સ્ત્રોતઃ 'સીડો'ની વેબસાઈટ પરથી મેળવેલ.*

ધારાને મંજૂરી આપવી તેનો અર્થ એ નથી કે મહિલા અધિકારોને પ્રોત્સાહિત કરવામાં કે તેને રક્ષવામાં આવે છે. મોટાભાગના એશિયા-પેસિફિક દેશોમાં હજુ માતૃમૃત્યુ દર ઘણો ઊંચો છે. જે દર્શાવે છે કે મહિલાઓની સ્વાસ્થ્ય સંભાળ સુધીની અપર્યાપ્ત પહોંચ તથા ઈન્ડોનેશિયા જેવા દેશો કે જેમણે ઈ.સ. ૧૯૮૦માં માનવ અધિકારોના ચીલે ચાલેલ હતાં. તેઓ આ ધારાને અમલમાં મૂકવામાં કમજોર સાબિત થયાં.

મહિલાઓનું જીવન સુધારવા માટે સરકારી ધારા મુજબના માપદંડો અમલમાં મૂકી રહી છે તે સુનિશ્ચિત કરવા માટે ઘણું કામ કરવાની હજુ જરૂર છે. સરકારની મહિલા સ્વાસ્થ્ય અને અધિકારો સંબંધિત કરારનામાને પરિપૂર્ણ કરવાની નિષ્ફળતા, આ ધારા અંતર્ગત મહિલા સાથેના ભેદભાવોમાં પરિણમશે. સમુદાય આધારિત સંસ્થાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ મહિલા અધિકારોની ઉપેક્ષાના ઈલાજ માટે રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સ્તરે સ્થળાંતર કરી ધારાના અસરકારક અને ઝડપી અમલ સંબંધિત નિર્ણયાત્મક ભૂમિકા ભજવે છે. આનાથી એ સુનિશ્ચિત થશે કે મહિલા અધિકારો મેળવી શકાશે.

સંદર્ભઃ કોમનવેલ્થ સેક્રેટિએટ, ૧૯૮૮ ધ કન્વેન્શન ઓન એલીમીનેશન ઓફ ઓલ ફોર્મ્સ ઓફ ડીસ્ટ્રીમીનેશન અગેઈન્સ્ટ વુમન, લંડનઃ કોમન વેલ્થ સેક્રેટિએટ પેજ-૩-૬.

**સીડો:** વેબસાઈટ<gopher:gopher.unorg:70/11/ga/cedaw/>

હકીકત

**સેન્ટર ફોર હેલ્થ એજ્યુકેશન, ટ્રેનીંગ એન્ડ ન્યુટ્રીશન અવેરનેસ**
લીલાવતીબહેન લાલભાઈનો બંગલો, સિવિલ કેમ્પ રોડ, શાહીબાગ, અમદાવાદ-380 004 ફોનઃ +91(79) 22866695, 22868856
ચેતના ફેક્સ: +91 (79) 22866513, ઈમેલ: chetna@icenet.net, વેબસાઈટ: www.chetnaindia.org